

અહો ! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંત અનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધૂન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહિ.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૪ સં. ૨૦૫૦ (૬૧૨) ✽ આત્મધર્મ ✽ (અંક-૪ વર્ષ-૫૧) વીર સં. ૨૫૨૦ ઓકટોબર, ૧૯૯૪

# 卐 આગમ-મહાસાગરનાં અણુમૂલાં રત્નો 卐

* જેમ કોઈ નિશાચરોના નેત્રો સ્વયમેવ અંધકારને નષ્ટ કરવાની શક્તિવાળા હોવાથી, અંધકારને દૂર કરવાના સ્વભાવવાળા દીપક-પ્રકાશાદિકથી કાંઈ પ્રયોજન નથી (અર્થાત્ દીવા વગેરેનો પ્રકાશ કાંઈ કરતો નથી), તેમ—જો કે અજ્ઞાનીઓ 'વિષયો સુખનાં સાધન છે' એવી બુદ્ધિ વડે વિષયોનો ફોગટ અધ્યાસ (આશ્રય) કરે છે તોપણ—સંસારમાં કે મુક્તિમાં સ્વયમેવ સુખપણે પરિણમતા આ આત્માને વિષયો શું કરે છે? ૩૯૦. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૬૭)

* જો યોગી ધ્યાની મુનિ વ્યવહારમેં સોતા હૈ, વહ અપને સ્વરૂપકે કામમેં જાગતા હૈ ઔર જો વ્યવહારમેં જાગતા હૈ, વહ અપને આત્મ-કાર્યમેં સોતા હૈ. ૩૯૧. (શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૩૧)

* હે જીવ! આત્મકલ્યાણ અર્થે કંઈક યત્ન કર! કર! કેમ શઠ થઈ પ્રમાદી બની રહે છે? જ્યારે એ કાળ પોતાની તીવ્ર ગતિથી આવી પહોંચશે ત્યારે યત્ન કરવા છતાં પણ તે રોકાશે નહિ—એમ તું નિશ્ચય સમજ. ક્યારે, ક્યાંથી અને કેવી રીતે એ કાળ અચાનક આવી ચડશે તેની પણ કોઈને ખબર નથી. એ દુષ્ટ યમરાજ જીવને કાંઈ પણ સૂચના પહોંચાડ્યા સિવાય એકાએક હુમલો કરે છે તેનો તો કાંઈક ખ્યાલ કર! કાળની અપ્રહત અરોક ગતિ આગળ મંત્ર, તંત્ર અને ઔષધાદિ સર્વ સાધન વ્યર્થ છે. ૩૯૨. (શ્રી ગુણભદ્ર-આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૭૮)

* ચેતના શુદ્ધજીવનું સ્વરૂપ છે, તેને જાણ્યે જ્ઞાતા-જીવને આવા ભાવ થાય છે—હવે મેં શુદ્ધચેતનાનું સ્વરૂપ જાણ્યું. હું જ્ઞાનદર્શનચારિત્રરૂપ છું, વિકારરૂપ હું નથી, સિદ્ધ સમાન છું, બંધ, મોક્ષ, આસ્રવ, સંવરરૂપ હું નથી. હું હવે જાગ્યો, મારી નિદ્રા ગઈ. મારા સ્વરૂપને એક અનુભવું છું. હવે હું સંસારથી ભિન્ન થયો, સ્વરૂપગજ ઉપર હું આરૂઢ થયો, સ્વરૂપગૃહમાં પ્રવેશ કર્યો. આ સંસારપરિણામોનો હું તમાસગીર થયો. હવે હું પોતે પોતાના સ્વરૂપને દેખું-જાણું એટલો વિચાર તો વિકલ્પ છે અને જ્ઞાનનો પ્રત્યક્ષ રસ વેદવો તે ભાવમાં અનુભવ છે. વિચાર પ્રતીતિરૂપ સાધક છે, અનુભવનો ભાવ સાધ્ય છે. સાધક—સાધ્યભેદ જાણે તો વસ્તુની સિદ્ધિ થાય. ૩૯૩. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૪૬)

કહાન
સંવત-૧૪
વર્ષ-૫૧
અંક-૪
[૬૧૨]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૦
સં. ૨૦૫૦
OCT.
A.D. 1994

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## હે જીવ! તારી મૂળ મૂડી સંભાળી લે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૫૨)

જુઓ! આ પરમાત્મપ્રકાશની ૭૨મી ગાથામાં શું કહે છે!

હે જીવ! શરીર છેદાઈ જાય, ભેદાઈ જાય, ક્ષય થઈ જાય તોપણ તું ભય ન કર! તું તારા આત્માનું ધ્યાન કર. શરીરની અવસ્થા સાથે તારે શું સંબંધ છે!

શરીર છેદાઈ જાય એટલે કે ટુકડા થઈ જાય તો કાંઈ આત્માના ટુકડા થતાં નથી. હું તો આત્મા છું એમ જાણીને તુ આત્મામાં સમતા રાખ. તું શરીરનો માલિક નથી. શરીરના ટુકડા થતાં મારા ટુકડા થયા એમ જેને લાગે છે તે મિથ્યાદૃષ્ટિ છે કેમ કે શરીર તો આત્માથી જુદી ચીજ છે તેને જ મારી માની લીધી એ મોટી વિપરીતદૃષ્ટિ છે.

શરીર ભેદાઈ જાય એટલે કે શરીરમાં કાણાં પડી જાય તો તું ગભરાઈ ન જા, ભય ન પામ. કેમ કે એ તો જડના રજકણોની અવસ્થા છે, તારી અવસ્થા નથી. તેને તું મારી માનીને દુઃખી થા છો એ તારી મૂઢતા છે. તું તો જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મા છો. તેને ભૂલેલો તું શરીરને જ પોતાનું માને છે એ જ દુઃખનું કારણ થાય છે.

શરીર ક્ષય થાય એટલે કે શરીરનો સંયોગ છૂટી જાય તોપણ તું ખેદ ન કર! પોતાના નિર્મળ આત્માનું ધ્યાન કર! હું તો શરીરથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ છું એનું લક્ષ કરીને તેને ધ્યેય બનાવીને તેનું ધ્યાન કર. શરીરને મારું માનીને મિથ્યાદૃષ્ટિપણે હેરાન થાય છે તે બધું છોડી દે.

આત્મા કેવો છે! આત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ રહિત નિર્મળ શુદ્ધ

ચિદાનંદ સ્વભાવ વીતરાગમૂર્તિ છે. નોકર્મ એટલે શરીર, દ્રવ્યકર્મ એટલે આઠ કર્મ અનેભાવકર્મ જે રાગાદિ વિકારી ભાવ તેનાથી આત્મા રહિત છે અને વીતરાગ જ્ઞાનાનંદથી ભરપૂર છે. આવા આત્માનુ તું ચિંતવન કર! તેને ધ્યેય બનાવ! તેનું લક્ષ બાંધ! તેને પોતાનું સ્વરૂપ જાણીને તેની દૃષ્ટિ કર!

આવા આત્માનું ધ્યાન કરવાથી શું થશે? આત્મા ચોરાશીના અવતારથી મુક્ત છે એવા આત્માનું ધ્યાન કરવાથી તું ચોરાશીના અવતારથી મુક્ત થઈ જઈશ. દેહમાં ફેરફાર થતાં આ મને થાય છે એવી દૃષ્ટિ છે તે જ મિથ્યા દૃષ્ટિ છે. માટે પ્રથમ જ એ મિથ્યા દૃષ્ટિ ત્યાગીને ભવરહિત નિજ ભગવાનનું લક્ષ કરવાનું છે. સમતા આદિના ભાવ તો પછી થશે પણ પહેલાં જ દૃષ્ટિ સુધારવાની જરૂર છે. સહન કરવાની શક્તિ ન હોય તો દેહમાં રોગ થતાં રાગમાં દુઃખ થાય એ જુદી વાત છે પણ આ રોગ મને થઈ ગયો એવી મમતા થાય એ દૃષ્ટિની વિપરીતતા છે.

જ્ઞાનાનંદ–ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ કર! તેને જો! અને તેમાં ઠર! આ એક જ દુઃખથી છૂટવાનો ઉપાય છે. મૂળ વાત એ છે કે અજ્ઞાનીને પોતાની ઊંધી માન્યતા છોડવી નથી, શરીરાદિમાં એકતાબુદ્ધિ રાખીને કાંઈક ધર્મ કરવો છે.

પરમાં છેદન-ભેદન કે નાશ થતાં જીવને પોતાનું છેદન-ભેદન થયું લાગે છે એ એની માન્યતામાં ભ્રમ છે. તે છોડાવવા અહીં કહે છે કે 'હું તો જ્ઞાન ને આનંદ છું, એવીદૃષ્ટિ કર! મારામાં રાગ પણ નથી તો શરીર તો મારામાં ક્યાંથી આવે! એમ સમજીને બે ટુકડા–ભેદજ્ઞાન કર તો તારી મિથ્યાબુદ્ધિ છૂટી જશે. મિથ્યાબુદ્ધિ ગયા પછી ચારિત્રની નબળાઈ વશ રોગાદિ થતાં સહનશીલતા ન હોય તો દ્વેષ થાય–અણગમો થાય પણ એ જાણશે કે શરીર અને દ્વેષ મારામાં નથી. હું શરીર અને વિકારથી રહિત જ્ઞાનાનંદ–ચિદાનંદમૂર્તિ છું.

સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ આ આત્માને શરીર, કર્મ અને રાગથી ભિ[illegible] જ્ઞાનાનંદસ્વરૂપે જોયો છે, જાણ્યો છે અને એવો જ કહ્યો છે. પણ આ જીવ તો પોતાને શરીરરૂપ માનીને શરીરમાં છેદન, ભેદન, રોગ, મરણ આદિ થતાં આ મને થયું એમ માને છે એ જ એની મૂઢતા છે–ભ્રમણા છે. તેનાથી જ એ દુઃખી થાય છે. તેથી તેનું દુઃખ દૂર કરવા અને સુખી થવા માટે શ્રીગુરુ ઉપદેશ આપે છે કે તું તારો શુદ્ધાત્મા કે જે પોતે જ પરમ સ્વરૂપ છે તેનું લક્ષ કર, પ્રતીત કર અને તેમાં ઠર તો તું ભવતીર પામી જઈશ. બીજો કોઈ સુખી થવાનો ઉપાય નથી.

દેહના છેદન આદિ કાર્ય થાય છે એ તો જડ રજકણોમાં થાય છે, મારું છેદન–ભેદન થતું જ નથી એમ જાણીને જે રાગ-દ્વેષાદિ વિકલ્પને કરતાં નથી તે નિર્વિકલ્પભાવને પ્રાપ્ત થયાં થકાં શુદ્ધાત્માને ધ્યાવે છે તે થોડાં જ સમયમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.

આ આત્મા...આ આત્મા....આ આત્મા એમ આત્માની રાગ રહિત નિર્વિકલ્પદૃષ્ટિ થાય ત્યારે આત્માની ખરી પ્રતીત થાય છે. ત્યારે જ તેને રાગની એકતાબુદ્ધિ તૂટીને સ્વભાવની એકતા થાય છે. નિર્વિકલ્પભાવને પ્રાપ્ત થાય છે એટલે કે પરમાનંદમૂર્તિ શુદ્ધાત્માની દૃષ્ટિ થાય તે નિર્વિકલ્પદૃષ્ટિ જ હોય, એ દૃષ્ટિપૂર્વક તે શુદ્ધાત્માને ધ્યાવે છે અર્થાત્ અંતરમાં એકાગ્ર થઈને શુદ્ધાત્માને અનુભવે છે. આવી નિર્વિકલ્પદૃષ્ટિ થાય ત્યારે જ તેને રાગની એકતા તૂટી જાય છે. રાગ વિનાની દૃષ્ટિ થાય ત્યારે જ તે પોતાને રાગ રહિત શુદ્ધાત્મા માની શકે છે.

જુઓ ! આ દુ:ખથી છૂટવાનો ઉપાય કહ્યો. શરીરમાં રોગ, વૃદ્ધાવસ્થા, મરણ, છેદન-ભેદન થતાં આ મને થયું નથી એમ ત્યારે જ માની શકે કે જ્યારે તેને પોતાના ચિદાનંદસ્વભાવની અંતરદૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ થાય. ત્યારે જ તેને રાગની અને શરીરની એકતા તૂટી કહેવાય. આવા નિર્વિકલ્પ દૃષ્ટિવાળા જીવની અલ્પકાળમાં જ મુક્તિ થાય છે.

હવે ૭૩મી ગાથામાં કહે છે કે કર્મજનિત રાગાદિભાવ અને શરીરાદિ પરવસ્તુ છે તે ચેતનદ્રવ્ય ન હોવાથી નિશ્ચયનયથી જીવથી ભિન્ન છે એમ જાણો.

**कम्महँ केरा भावडा अण्णु अचेयणु दव्वु ।**
**जीव-सहावहँ भिण्णु जिय णियमिं बुज्झहि सव्वु ॥७३॥**

સર્વજ્ઞ વીતરાગ પરમદેવ જેમ ફરમાવે છે તેમ જ સંતો ફરમાવે છે કે હે જીવો! કર્મજનિત રાગાદિભાવ અને બીજા શરીરાદિ અચેતન દ્રવ્ય તે બધાને નિશ્ચયથી જીવના સ્વભાવથી જુદા જાણો.

પોતાના ચિદાનંદ શુદ્ધ સ્વભાવનો સંબંધ નહિ કરતાં અને જડકર્મનો સંબંધ કરતાં જીવને રાગાદિક ભાવો ઉત્પન્ન થાય છે અને શરીરો મળ્યા કરે છે. તે ખરેખર જીવના સ્વભાવથી ભિન્ન છે. એક તો શરીરાદિ પરદ્રવ્ય અને બીજા કર્મકૃત રાગાદિ વિકાર (તેમાં કર્મ પણ આવી જાય છે) તે બંને જીવના સ્વભાવથી જુદાં છે. માટે તેને જીવથી જુદાં જાણો.

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદમૂર્તિ છે. તેના દ્રવ્યસ્વભાવમાંથી વિકાર ઉત્પન્ન થતો નથી. વિકાર તો કર્મના સંબંધથી ઉત્પન્ન થાય છે માટે તે અચેતન છે અને શરીર પણ અચેતન છે માટે તે બંને અચેતન જીવના સ્વભાવથી જુદાં છે. શરીરથી ચેતન જુદો છે અને વિકારથી ચૈતન્ય-સ્વભાવ જુદો છે. શરીર અને કર્મ જડદ્રવ્ય છે અને આત્મા ચેતન દ્રવ્ય છે માટે તેને દ્રવ્યે ભિન્નતા છે અને વિકાર તથા ચૈતન્ય દ્રવ્ય તો જુદાં નથી પણ તે બંનેને સ્વભાવે ભિન્નતા છે. રાગ-દ્વેષાદિ વિકાર ચૈતન્યથી વિરુદ્ધ સ્વભાવ છે પણ જીવે એવી દૃઢ માન્યતા કરી લીધી છે કે આ જ મારો સ્વભાવ છે અને શરીર તે જ હું છું.

કર્મના સંબંધે થયેલા પુણ્ય-પાપરૂપ વિભાવ અને કર્મના સંબંધે સંયોગમાં આવેલ શરીર આદિ બધી અચેતનની જાત છે તે જ 'હું છું' એમ માનીને અજ્ઞાનીએ મિથ્યાત્વની મડાગાંઠ વાળી છે. તેથી આચાર્યદેવ કહે છે કે તેને તું જીવથી ભિન્ન જાણ. જીવ તો નિર્મળ જ્ઞાન-દર્શનસ્વભાવી હોવાથી જાણનાર...દેખનાર તત્ત્વ છે તેને જાણ, તેની શ્રદ્ધા કર અને તેમાં ઠર! તો તારે ભવભ્રમણ નહિ રહે.

ટીકામાં થોડી ખૂબી છે. એક સમયની અંદર મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચેય ભાવ સિદ્ધ કર્યાં છે. ભાવાર્થ આમ છે કે પુણ્ય-પાપના ભાવ મારા છે એવી માન્યતા તે મિથ્યાત્વભાવ છે, રાગનો ત્યાગ થતો નથી તે અવિરતિ છે, સ્વરૂપમાં સ્થિરતા નથી એ પ્રમાદભાવ છે, ક્રોધ, માનાદિ કષાયભાવ છે અને યોગનું કંપન છે. આ પાંચેય વિકારભાવ એક જ સમયમાં છે તેનાથી ભગવાન આત્મા નિવૃત્તિસ્વરૂપ છે. આત્મા એ પાંચ પ્રકારના પરિણામવાળો નથી છતાં પોતાને એ પાંચભાવરૂપ માનવો તે મિથ્યાદષ્ટિપણું છે. અર્થમાં શરીરની ભિન્નતા લીધી હતી અને ભાવાર્થમાં આ પાંચેય વિકારી અવસ્થાથી ભિન્ન આત્માને ઉપાદેય કહીને વિશેષ અર્થ ખોલ્યો છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચ પ્રકારના પરિણામથી નિવૃત્તિના કાળે શુદ્ધાત્મા જ ઉપાદેય છે. એટલે કે આ પાંચેય પ્રકારના પરિણામનું લક્ષ અને ધ્યેય છોડીને, અવલંબન છોડીને જે કાળે પોતાના સ્વભાવની સન્મુખતા કરે છે, તેનું જ લક્ષ કરે છે તે કાળે શુદ્ધાત્મા ઉપાદેય થયો કહેવાય છે, માત્ર આત્મા–આત્મા કરવાથી આત્મા ઉપાદેય થતો નથી.

જે પરિણામ પાંચ પ્રકારના વિકારથી નિવૃત્ત થઈને શુદ્ધાત્માને રુચિમાં લે છે, લક્ષમાં લે છે–ધ્યેય બનાવે છે તે પરિણામમાં શુદ્ધાત્મા ઉપાદેય થયો કહેવાય. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગની રુચિ, લક્ષ, ધ્યેય અને અવલંબન છોડીને સ્વભાવની રુચિ, લક્ષ, ધ્યેય અને અવલંબન લે ત્યારે સ્વભાવને ઉપાદેય માન્યો ગણાય છે–ઉપાદેય માની શકાય છે. રુચિમાં રાગ ઉપાદેય મનાતો હોય–મીઠાસ વેદાતી હોય–મજા પડતી હોય એવા પરિણામમાં આત્મા ઉપાદેય થઈ શકતો નથી. ત્યારે તો આત્માનો અનાદર છે–રુચિ નથી, દરેક પ્રકારના વિકારની રુચિ છૂટી જાય અને એક આત્માની રુચિ થાય ત્યારે આત્મા ઉપાદેય બને છે.

પુણ્ય પરિણામમાં મજા આવે છે તે મિથ્યાત્વભાવ છે તો પાપભાવમાં મીઠાસ વેદાય એ તો મિથ્યાત્વ જ છે. કોઈ એમ કહે કે અમને ભોગની વાસના આવી પણ તે તો પર છે માટે આવી તો ભલે આવી. એમ ન હોય ભાઈ! વાસનામાં તને મજા આવે તે મિથ્યાત્વભાવ છે. મૂળ તો એને ચિદાનંદસ્વભાવ ઠીક લાગ્યો નથી–રુચિમાં

આવ્યો નથી એટલે તેને હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ આદિ પાપ અને સત્ય, અહિંસા, દયા આદિ પુણ્યભાવમાં ઠીક લાગે છે. એ ઠીક બુદ્ધિને જ મિથ્યાત્વ અને અજ્ઞાનભાવ કહેવાય છે. તે કાળે તે જીવને પુણ્ય-પાપની વાસના જ આદરણીય લાગે છે. તેમાં જ હિત માનીને બેઠો છે. પરમાં અને પુણ્ય-પાપમાં હિતબુદ્ધિ છે તે જ મિથ્યાત્વભાવ છે, એ જ અજ્ઞાનભાવ છે, એ જ પર્યાયબુદ્ધિ છે, તે કાળે જીવને એ પર્યાય જ આદરણીય લાગે છે.

જ્યારે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ આદિ પરિણામથી નિવૃત્તિ થઈ અને ભગવાન ચૈતન્યસ્વભાવના આદરરૂપ પરિણામની પ્રવૃત્તિ થઈ ત્યારે તે કાળે શુદ્ધાત્મા જ ઉપાદેય છે.

હવે ૭૪મી ગાથામાં મુનિરાજ કહે છે કે જ્ઞાનમયી પરમાત્માથી ભિન્ન પરદ્રવ્યને છોડી તું શુદ્ધાત્માનું ધ્યાન કર!...પરનું લક્ષ છોડી તું શુદ્ધાત્મા સાથે દોર બાંધ.

अप्पा मेल्लिवि णाणमउ अण्णु परायउ भाउ ।
सो छंडिविणु जीव तुहुं भावहि अप्प-सहाउ ॥७४॥

હે જીવ! તું જ્ઞાનસ્વભાવમયી આત્મા છો. તું પુણ્ય-પાપના વિકલ્પમયી આત્મા નથી. માટે તું જ્ઞાનમયી આત્મા સિવાયના બાકીના બધાં ભાવોને છોડીને એક પોતાના શુદ્ધાત્મ સ્વભાવનું ચિંતવન કર! ચિંતવન શબ્દથી અહીં વિકલ્પ કરવાનું કહ્યું નથી પણ શુદ્ધાત્માની નિર્વિકલ્પદૃષ્ટિ કરવાનું કહ્યું છે.જ્યારે પુણ્ય-પાપનું ચિંતવન કરતો હતો ત્યારે તેમાં એકાગ્ર હતો. હવે આત્માનું ચિંતવન કરતાં તે આત્મામાં એકાગ્ર થશે. એકાગ્ર થાય તો ખરું ચિંતવન થયું કહેવાય.

અહીં તો એકલું માખણ પીરસાય છે. આડી-અવળી વાત જ નથી.

શું આત્મા શરીરમય છે? રાગમય છે? કર્મમય છે? કોનાથી તન્મય છે?—ભગવાન આત્મા જાણવા-દેખવાના ધ્રુવસ્વભાવથી તન્મય છે માટે તે સિવાયના બીજા જે કાંઈ ભાવ છે તેને છોડીને ભગવાન આત્માને ધ્યાવ! તેમાં એકાગ્ર થા! તો જ આત્માની ખરી ચિંતવના થશે.

ભાવાર્થ :–જ્ઞાનમયી આત્મા એટલે કેવો છે?–કે કેવલજ્ઞાનાદિ ગુણોનો રાશિ છે. અર્થાત્ કેવલ કહેતાં એકલો જ્ઞાન, એકલો દર્શન, એકલી શાંતિ, એકલો આનંદ, એકલી પ્રભુતા, એકલી અનંતી શક્તિની સ્વચ્છતા, એકલી સ્વસંવેદન થવામયી શક્તિ આદિ અનન્તી શક્તિનો રાશિ છે–ઢગલો છે. અનંતગુણની રાશિ એ જ સાચી રાશિ છે.

ભગવાન આત્મામાં ગુણોની સંખ્યા અમાપ છે અને એક એક ગુણની શક્તિ પણ અમાપ છે. એક જ્ઞાન–જાણવાની શક્તિનું અમાપપણું છે તેમ દર્શન, સુખ, વીર્ય આદિ અનંત ગુણોની શક્તિ અમાપ છે–અનંત છે. અનંત જ્ઞાનાદિ શક્તિમય આત્મા છે. પણ

પોતાની શક્તિની સામે જોતો નથી અને મારે આટલા પૈસા અને આવું શરીર અને આટલો વૈભવ એમ પરથી પોતાનું માપ કરે છે પણ હરામ કાંઈ એનું હોય તો!

જે પોતાનું નથી એવા શરીરાદિમાં એટલું બધું મમત્વ થઈ ગયું કે તે મારું નથી એમ માનવું કઠણ પડે છે. સવારમાં ઉઠીને શરીરને નવરાવે, દાંતિયાથી વાળ ઓળે, શરીરને સારૂં રાખવા માટે અનેક ઉપાય કરે પણ એ ધૂળ છે ભાઈ! એ જડ-માટી છે, એ 'તું' નહિ.

શ્રોતા :–પણ સાહેબ! એના વગર ચાલતું નથી ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :–'એના વગર મને ન ચાલે' એવી માન્યતાનો ભ્રમ જ તેને મોટો દુઃખદાયક છે. શરીર તો શું પણ રાગ વિના આત્મા ટકે તેવો છે. સદાય આત્મા શરીર, કર્મ અને વિકાર વિના ટકેલો છે.

શરીર, કર્મ, વિકાર આદિ વિના હું ન રહી શકું એ જ મહામિથ્યાત્વ કષાયનું પાપ છે. એના વિના મને ન ચાલે એવી માન્યતા આત્માને રેંશી નાંખે છે (ભાવમરણ કરે છે).

અહો! ભગવાન આત્મા અનંત ગુણનો મોટો રાશિ છે તેને એક રાગ-દ્વેષ કે દુઃખની પર્યાય જેવડો માની લેવો કે શરીર જેવડો કે પાંચ-પચાશ લાખના સ્વામી તરીકે માની લેવો તે મોટી મિથ્યાશ્રદ્ધા છે તે વડે જીવ અસત્ય-પાપદૃષ્ટિને સેવે છે.

જે પોતાના સ્વભાવમાં નથી તેને પોતાના માની લેવાથી સત્‌નો અસત્કાર થાય છે અને અસત્‌નો સત્કાર થાય છે. અરે, પોતે અનંતગુણનો રાશિ હોવા છતાં એક રાગ પૂરતો પોતાને માની લે છે તે પોતાને મારી નાંખે છે, રાગાદિ પરભાવ તો શુદ્ધાત્માના સ્વભાવથી વિલક્ષણ છે. શરીર, પૈસા, મકાન કે વિભાવ આદિ કોઈ ચૈતન્યના લક્ષણ સાથે મળતાં ભાવ નથી. વિલક્ષણ છે–વિપરીત લક્ષણવાળા છે.

કોઈ પોતાના છોકરાને પોતાના નહિ માનતાં માછલાંના બચ્ચાને પોતાના માને તો તે કેવો મૂઢ છે! તેમ અજ્ઞાની પોતાના સ્વભાવને પોતાનો નહિ માનતા શરીર ને પરભાવને પોતાના માને છે એ તેની કેટલી મૂઢતા છે! શરીર કે પરભાવમાં કે પૈસા આદિમાં આત્માનું કોઈ લક્ષણ પણ નથી. કાંઈ ચિહ્ન એવું નથી કે જેનાથી તેને જીવના માની શકાય. જીવની જાતથી તદ્દન જુદી જાતના છે તેને અજ્ઞાની પોતાના માને છે.

શરીર, વાણી, પૈસા, મકાન, સ્ત્રી, પુત્ર, આબરૂ, રાગ, દ્વેષ, ક્રોધ, માનાદિ કોઈ ભાવ આત્માના ભાવ સાથે મળતાં નથી. એવા વિલક્ષણ તત્ત્વોને જીવ પોતાના લક્ષણ સાથે મેળવે છે એ તો પોતાને કોઈ વારસદાર નથી તો આ કૂતરાનું બચ્ચું મારો વારસે

[ અનુસંધાન માટે જુઓ પાનું-૧૩ ]

# શુદ્ધ સ્વભાવની સંભાળ કર

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૨૯)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ જીવદ્વાર છે. તેમાં ૩૪મું પદ્ય ચાલે છે.

જુઓ! આમાં શું કહે છે! અનાદિનો અણઅભ્યાસ છે તેથી આ સમજવામાં થોડું કઠણ લાગે પણ આ જ સમજવા જેવી વાત છે. સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવે જેવા આત્માને જોયો છે એવા આત્માની પ્રતીતિ કેવી હોય છે તેં અહીં કહે છે.

तत्त्वकी प्रतीतिसौं लख्यो है निजपरगुन । તત્ત્વની પ્રતીતિ થતાં સ્વ અને પરના ગુણની ઓળખાણ થઈ જાય છે કે હું તો જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છું અને પુણ્ય-પાપના ભાવ રાગ છે તે વિકાર છે, મારું સ્વરૂપ નથી. જડ તો આત્માથી તદ્દન ભિન્ન પરવસ્તુ છે તેને મારી માનવી એ તો મહા મિથ્યાત્વની જૂઠી માન્યતા છે પણ લક્ષ્મીનો રાગ અને લક્ષ્મી દાનમાં દેવાનો રાગ તે પણ આત્માને દુઃખરૂપ છે.

શ્રોતા :- તો શું લક્ષ્મી દરિયામાં ફેંકી દેવી કે સાચવીને રાખવી?

પૂજ્ય ગુરુદેવશ્રી :-લક્ષ્મી ઉપર તારો અધિકાર જ નથી. લક્ષ્મી તો જડ છે. જડ ચીજને મારી માનવી અને તેની ક્રિયા હું કરી શકું છું એમ માનવું એ જ મોટો ભ્રમ છે. ભગવાન સર્વજ્ઞદેવે કહેલું વસ્તુસ્વરૂપ તેં સાંભળ્યું નથી. પ્રભુ! મનુષ્યદેહ તો મળ્યો પણ તેને વ્યર્થ ગુમાવી દીધો છે.

તત્ત્વની પ્રતીતિ થતાં જ્ઞાની નિજ અને પરના ગુણને ભિન્ન જાણે છે. શરીર, વાણી, મન, લક્ષ્મી આદિ તો ભિન્ન છે જ પણ શુભ-અશુભભાવ પણ પર છે એમ જ્ઞાની જાણે છે. આસ્રવતત્ત્વ અને જીવતત્ત્વ બંને ભિન્ન તત્ત્વ છે એમ ભેદજ્ઞાની જાણે છે.

दृग ज्ञान चरन त्रिविध परिनयो है । હું શુદ્ધ જ્ઞાનાનંદ છું એવી શ્રદ્ધા, જ્ઞાન અને એવા પરિણમન રૂપ ચારિત્ર આ ત્રણેય દશારૂપે આત્મા પરિણમે છે. આત્મા કદી શરીર, ધન, મકાન આદિરૂપે પરિણમતો નથી. વિકલ્પ ઉઠે છે તે પણ ખરેખર પરતત્ત્વ છે. આત્મા તો શુદ્ધ જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. અશુભરાગ તો આત્માથી ભિન્ન છે જ પણ શુભરાગ પણ વિકલ્પ છે, રાગ છે, વાસના છે, આત્માનું સ્વરૂપ નથી. માટે મારાથી રાગ ભિન્ન છે. રાગ મારો છે એવી માન્યતા દુઃખરૂપ છે. જેમ જે વાસણમાં કસ્તૂરી મૂકી હોય પછી તે કસ્તૂરી લઈ લીધી હોય તોપણ વાસણમાં ગંધ આવે છે તેમ રાગ મારો છે એ માન્યતા દુર્ગંધરૂપ છે. મારામાં રાગ છે જ નહિ.

પ્રભુ! તારી ચીજમાં વિકલ્પ ઉઠે તે પણ દુઃખરૂપ છે. અશુભરાગ તો દુઃખરૂપ છે જ પણ આત્માનું ભાન થતાં સમકિતીને શુભરાગ પણ દુઃખરૂપ લાગે છે. પરતત્ત્વ લાગે છે મારું તત્ત્વ તો શુદ્ધ જ્ઞાન અને આનંદરૂપ છે એવા ભાન વિના બધું જ્ઞાન થોથાં છે.

विसद विवेक आयौ आछौ विश्राम पायौ । શુભાશુભરાગમાં મીઠાશ હતી ત્યાં સુધી દુઃખ હતું, ભ્રમ હતો, અવિવેક હતો હવે જ્યાં તે જીવે નિર્મળ ભેદવિજ્ઞાન પ્રગટ કર્યુંત્યાં તેને પોતાના આનંદધામમાં વિશ્રામ મળ્યો. અનાદિકાળથી દુઃખ હતું તેનાથી મુક્ત થયો, ભ્રમ દૂર થયો.

વીતરાગ સનાતન જૈનધર્મમાં ધર્મની પ્રભાવનાના હેતુથી દાનાદિ કરે તે પુણ્યનું કારણ છે. બાકી અન્યમતમાં દાનાદિ કરે તે તો ઉલટું મિથ્યાત્વનું પોષક છે.

आपुहीमैं आपनौ सहारौ सोधि लियौ है । અંદરમાં આત્મા ચૈતન્યના નૂરના પૂરથી ભરેલો છે તેને શોધીને જ્ઞાનીએ પોતામાં જ સહારો મેળવી લીધો છે. પોતામાં પોતાનો સહારો લઈ લેવો તે ધર્મ અને શાંતિ છે. તે સિવાય શુભરાગરૂપ પ્રતિક્રમણ, સામાયિક ને પોષધ કરી લેવાથી ધર્મ થઈ જતો નથી.

પરમાત્મા કહે છે તું અમૃતનો સાગર છો. પરમાત્મા કહે કે સંતો કહે કે જ્ઞાની કહે બધું એક જ છે. આત્મા પરમાત્મસ્વરૂપ જ છે એની જેને ખબર નથી તે જ બહારમાં સમૃદ્ધિ અને સહારો ગોતવા જાય છે. ખરેખર પોતાનો સહારો પોતે જ છે. બહારમાં કોઈ સહારો નથી.

कहत बनारसी गहत पुरुषारथकौं, सहज सुभावसौ विभाव मिटि गयौ है । નિજ સ્વભાવની સન્મુખનો પુરુષાર્થ ગ્રહણ કરવાથી વિભાવ તો સહજ જ નષ્ટ થઈ ગયો.

આવો મારગ એને કેમ સમજાય! પાંચ-પચીશ હજાર દાનમાં ખરચ્યા હોય એટલે એમ થાય કે એટલો તો મને ધર્મ થશે ને! ધૂળેય ધર્મ નહિ થાય ભાઈ! અને જો ઊંધી શ્રદ્ધાવાળાને પોષણ આપ્યું હશે તો તો ઉલટું મિથ્યાત્વ પુષ્ટ થશે. ઊંધી શ્રદ્ધાના લાકડા વધશે. અરે! જગતથી ધર્મના મારગડા જુદા છે ભાઈ! તને ખબર નથી.બેખબરો થઈને સંસારમાં રખડી રહ્યો છો અને દુઃખી થઈ રહ્યો છે. હવે એ દુઃખથી છૂટી સ્વભાવનો પુરુષાર્થ કર તો વિભાવ આપોઆપ મટી જશે.

पन्नाके पकाये जैसे कंचन विमल होत, तैसैं सुद्ध चेतन प्रकास भयौ है । જેમ સોનાના પાતળા પન્નાને રસાયણથી અગ્નિમાં પકવવાથી સોનુ એકદમ શુદ્ધ થઈ જાય છે તેમ રાગથી ભિન્ન પડવા માટે ધ્યાનાગ્નિથી આત્માને પકાવવાથી રાગ એકદમ ભિન્ન પડી જાય છે અને આત્મા અત્યંત શુદ્ધ થઈ જાય છે. આ વીતરાગનો માર્ગ છે. રાગથી ધર્મ મનાવે તે વીતરાગમાર્ગ નહિ બાપુ! એ તો અજૈન છે.

હવે ૩૨મા શ્લોક ઉપરનું ૩૫મું પદ્ય છે તેમાં બનારસીદાસજી નટીનું દૃષ્ટાંત આપીને વસ્તુસ્વભાવની પ્રાપ્તિનું કથન કરે છે.

जैसै कोऊ पातुर बनाय वस्त्र आभरन,
आवति अखारे निसि आड़ौ पर करिकैं ।
दुहूंओर दीवटि संवारि पट दूरि कीजै,
सकल सभाके लोग देखें दृष्टि धरिकैं ॥
तैसौं ज्ञानसागर मिथ्याति ग्रंथि भेद करि,
उमग्यौ प्रगट रह्यौ तिहूं लोक भरिकैं ।
ऐसौ उपदेस सुनि चाहिए जगत जीव,
सुद्धता संभारै जग जालसौं निसरिकैं ॥ ३५ ॥

જુઓ આ શાસ્ત્રમાં કેટલીવાર સિંધુ શબ્દ આવે છે! ભગવાન આત્મા જ્ઞાનનો સિંધુ છે તેને રાગવાળો અને પામર માને છે તે ભ્રમણાથી ભમે છે. (મૂળ શ્લોકમાં सिन्धुः શબ્દ આવે છે.)

જેમ નટી રાત્રે વસ્ત્રાભૂષણથી સજ્જ થઈને નાટ્યશાળામાં પડદાની પાછળ આવીને ઊભી રહે છે તો કોઈને દેખાતી નથી, પરંતુ જ્યારે બંને તરફના દીવા ઠીક કરીને પડદો ખસેડી લેવામાં આવે છે તો સભાજનોને સ્પષ્ટ દેખાય છે. તેવી જ રીતે જ્ઞાનનો સમુદ્ર આત્મા જે મિથ્યાત્વના પડદામાં ઢંકાઈ રહયો હતો શુભરાગની એકતાના પડદામાં આત્મા દેખાતો ન હતો તે જ્યાં અંતરમુખ દૃષ્ટિ વડે જ્ઞાનમાં પ્રકાશિત થયો તો એ તો ત્રણલોકનો જ્ઞાયક છે એમ જણાય છે.

શુભ અને અશુભરાગમાં એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વની ગ્રંથિ છે. હવે એ જ્ઞાનથી રાગને ભિન્ન પાડવો તે ધર્મની ક્રિયા છે. ચૈતન્ય સાગરમાં અનંત અપરિણમિત જ્ઞાન ને આનંદ ભર્યાં છે એવા આત્માની સન્મુખ દૃષ્ટિ કરવાથી રાગની એકતાની ગાંઠ ગળી જાય છે, મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. અનાદિથી રાગ અને એક સમયની અવસ્થામાં જ હુંપણું માની લીધું હતું તેથી આખી અનંત શક્તિસ્વરૂપ વસ્તુ ઢંકાઈ રહી હતી. હું તો રાગી છું, દ્વેષી છું, અલ્પજ્ઞ છું, પામર છું, એવી દૃષ્ટિ હોવાથી ચૈતન્યમહાસત્તા એના જ્ઞાનમાં ઢંકાઈ ગઈ હતી. ધર્મના નામે પણ શુભરાગમાં ધર્મબુદ્ધિ થતી હતી. તેથી વસ્તુની ખરી સમૃદ્ધિ તો ઢંકાઈ રહી હતી, ખબર જ ન હતી તેથી,

*મુનિવ્રત ધાર અનંત બાર ગ્રૈવેયક ઉપજાયો,*
*પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.*

અનંતવાર નગ્ન થઈને પંચમહાવ્રતાદિ અઠ્ઠાવીશ મૂળગુણ પાળ્યા પણ ધર્મ ન થયો.

રાગથી ભિન્ન ન પડ્યો અને સ્વભાવ સન્મુખ દૃષ્ટિ ન કરી તેથી ધર્મ ન થયો. સ્વભાવની એકતા કરવાથી રાગની એકતા તૂટી જાય છે પણ એ કામ એણે કદી કર્યું નથી.

મોંઘો લાગે કે સસ્તો લાગે પણ ધર્મની રીત તો આ છે ભાઈ! શીરો કરવો હોય તો લોટને ઘીમાં શેકીને પછી જ ગોળનું પાણી તેમાં નાંખે તો શીરો થશે પણ જો એ રીત મોંઘી લાગે ને સસ્તું કરવા માટે પહેલાં પાણીમાં લોટ નાંખીને પછી ઘી નાંખશે તો શીરો નહિ થાય. ઘી લોટ ને ગોળ ત્રણેય નકામાં જશે. તેમ રાગથી ભિન્ન આત્માની શ્રદ્ધા કરવામાં અનંત પુરુષાર્થ છે તેનાથી ધર્મ થાય છે. મોંઘો લાગે છે તો ક્રિયાઓ કરીને ધર્મ પ્રગટ કરવા માંગીશ તો ધર્મ તો નહિ થાય ઉલટું ચાર ગતિમાં રખડવું પડશે.

દુનિયામાં તો બધાં સ્વાર્થના પૂતળા છે. મરણ ટાઈમે પિતા પાંચ લાખ રૂપિયા દાનમાં દેવાનું કહેવા જાય તો દીકરા કહેશે પિતાજી! અત્યારે પૈસાને યાદ ન કરાય; ધર્મ સંભારો. મહારાજ પણ કહેતાં હતાં કે પૈસાથી ધરમ નથી. પિતાને વાચા જતી રહી હોય એટલે બોલી ન શકે પણ મનમાં તો સમજે છે કે આ છોકરાં સ્વાર્થવશ મહારાજના ઉપદેશનો પણ ઊંધો અર્થ કરે છે. પૂર્વે કરેલા પુણ્ય બળીને આ કરોડોની સંપત્તિ મળી છે તો મારા ભાગની મૂડી તો દાનમાં દઉં! એવા તેના ભાવ હોય તો ભાવનું પુણ્ય એને બંધાય જ છે. પણ તેનાથી ધર્મ થતો નથી, જન્મ-મરણનો અભાવ થતો નથી. પૈસાવાળાને બધાંને લગભગ આવી જ દશા છેલ્લે થતી હોય છે માટે પહેલેથી મમતા ઘટાડવી.

उमग्यो प्रगट रह्यो तिहूं लोक भरिकै । અહા! જેને સમ્યગ્જ્ઞાન થયું તે ત્રણલોકનો જ્ઞાતા થઈ ગયો. કોઈનો કર્તા-ભોક્તા ન રહ્યો. ભગવાન! આવી તારી સત્તા છે. પુણ્ય-પાપના વિકલ્પ એ તારી સત્તા નથી, તારી સત્તામાં નથી, તારી ચીજ નથી. અર્ધલોકના સ્વામી એવા ઈન્દ્રોની સભામાં ભગવાને કહેલી આ વાત છે. કુંદકુંદ આચાર્ય પણ આ વાણી સાંભળવા ત્યાં ભગવાન પાસે ગયા હતાં અને આપણા માટે આ ભાતું લાવ્યા છે. કુંદકુંદ-આચાર્ય તો ગાથા લખી ગયાં પણ એ ઉપરાંત અમૃતચંદ્રાચાર્યે તો ટીકા લખી, રાજમલજીએ તેના પણ વિશેષ અર્થ કર્યા અને બનારસીદાસજીએ પદ્યમાં તેનો વિસ્તાર કર્યો. સંતો કેટલું ભાતું મૂકીને ગયા છે!

આત્મા उमग्यौ એટલે અંતરમુખ દૃષ્ટિ વડે આત્મા ચૈતન્ય સ્વભાવે ઊછળે છે. જ્ઞાતા-દૃષ્ટા થઈને સ્વ-પરનો જાણનાર થઈ જાય છે. રાગ હોય છે છતાં તેનો કર્તા નહિ થતાં જાણનાર રહે છે. આવા ધર્માત્મા રાજમાં હોય તોપણ સ્ત્રી, લશ્કર, સંપત્તિ અને તે પ્રત્યેના રાગના જાણનાર રહે છે, કોઈના કર્તા કે કોઈને પોતાના માનવાવાળા બનતાં નથી. અહો! અનાદિથી જે જ્ઞાન મિથ્યાત્વના પડદામાં ઢંકાઈ ગયું હતું તે હવે સમ્યક્ત્વ

પ્રગટ થતાં જ્ઞાનનો સમુદ્ર ખૂલ્લો થઈ ગયો. પછી તો એ આત્મા ત્રણકાળ અને ત્રણલોકનો જ્ઞાયક થઈ જશે. જ્ઞાનસમુદ્ર સંપૂર્ણપણે ઊછળી જશે.

અનાદિથી રાગમાં જ્ઞાનસમુદ્ર આત્મા ઢંકાઈ ગયો હતો તે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં રાગથી ભિન્ન પડીને અપરિમિત જ્ઞાન અને અપરિમિત આનંદ ખૂલ્લાં થઈ ગયા. હવે તે કોઈ પરને પોતાના નહિ માને, કોઈનો કર્તા નહિ થાય. આવી દશાનું નામ સમ્યત્વદશા છે. આ ચોથા ગુણસ્થાનની દશા છે. આગળ વધીને તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. ત્યારે આત્મા ત્રણકાળ ત્રણલોકને જાણવા લાગે છે. પહેલાં આવી દશા વિના ચારિત્ર અને કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. સ્વ-પરનું ભેદજ્ઞાન કરીને સ્વમાં ઠરે ત્યારે કેવળજ્ઞાન થાય છે.

ऐसौ उपदेश सुनि चाहिए जगत जीव, शुद्धता संभारै जग जालसौ निसरिकैं । હે જગતના જીવો! આવો ઉપદેશ સાંભળીને તમારે જગતની જાળમાંથી નીકળીને પોતાની શુદ્ધતાની સંભાળ કરવી. અનંતકાળથી પોતાને પોતાની શુદ્ધતાનું વિસ્મરણ હતું અને અશુદ્ધતાનું સ્મરણ હતું–હું દયા પાળું, વ્રત પાળું, ક્રિયા કરું તે મારું સ્વરૂપ છે એમ મનતો હતો–જે શરીર મળે તેમાં જ 'હુંપણું' માનતો હતો તેને શ્રીગુરુ કહે છે હવે આ ઊંધો અભ્યાસ છોડી દે અને તારી તારી શુદ્ધતાને સંભાળી લે. હું તો શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાયક છું એમ નિજનિધિને સંભાળી લે અને મિથ્યાવિકલ્પોની જગજાળથી છૂટો પડી જા.

જે અશુદ્ધતાથી છૂટીને શુદ્ધતાને સંભાળે છે તેને ધર્મી અને સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે.

જીવોને આ માર્ગે આવવું ભારે કઠણ છે. મનના મૃગલાંને પાછાં વાળજો રે લોલ....ખારી જમીનમાં પાણીનો આભાસ થશે પણ પાણી નહિ મળે–તૃષા નહિ છીપે તેમ, પુણ્ય-પાપમાં આત્માનો આભાસ થાય છે પણ તેમાં આત્માની શાંતિ મળે માટે ત્યાંથી મનને પાછું વાળજો.

આત્મા પરથી રહિત, કર્મથી રહિત, રાગથી રહિત છે પણ જ્ઞાનસાગરથી ભરપૂર ભરેલો છે. રાગથી માંડીને આખું જગત સંસાર છે. તેની જાળમાંથી હવે તું છૂટો પડી જા.

બનારસીદાસજીએ પદ્ય બહુ સરસ બનાવ્યા છે. જગતને જાળની ઉપમા આપી છે વિકલ્પની જાળથી છૂટીને નિજઘરમાં આવી જા પ્રભુ! એ તારે કરવા યોગ્ય કાર્ય આ એક જ છે. આ તારી સત્‌ક્રિયા છે.

સંપ્રદાયવાળાને તો એમ જ લાગે કે આવો ધરમ ક્યાંથી કાઢયો! પણ ક્યાંયથી કાઢયો નથી. જે હતો તે જ બહાર આવ્યો છે. શું થાય! મૃગલો માર્ગ ભૂલ્યો છે તેને સાચો માર્ગ બતાવનારા મળે તોપણ શંકા પડે છે. આપણે માનીને છીએ તે જ બરાબર છે એમ શીખી લઈએ પછી આ ઊંચી વાત સમજશું પણ ભાઈ! આ જ એકડાંની વાત છે.

શ્રીગુરુ કહે છે, જગજાળની નાસ્તિ કર અને શુદ્ધતાને સંભાળી લે બસ! એને જ શુદ્ધતા સંભાળી લીધી કહેવાય. આ અનેકાંત છે. અશુદ્ધતાથી પણ ધર્મ થાય ને શુદ્ધતાથી પણ ધર્મ થાય એ અનેકાંત નથી. એ તો ફૂદડીવાદ છે.

આ સત્ય વાત પુણ્ય હોય તો સાંભળવા મળી જાય પણ તેની 'હા' પાડવામાં અનંત પુરુષાર્થ જોઈએ છે.

આ રંગભૂમિકા-પૂર્ણ થઈ. હવે પ્રથમ અધિકારનો સાર કહે છે.આત્મપદાર્થ શુદ્ધ, બુદ્ધ, નિર્વિકલ્પ, દેહાતીત, ચિત્ચમત્કાર, વિજ્ઞાનઘન, આનંદકંદ, પરમદેવ, સિદ્ધ સમાન છે. આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત 'શુદ્ધ' છે. આત્મા જ્ઞાનનો સમુદ્ર છે માટે 'બુદ્ધ' છે. શ્રીમદ્જી કહે છે ને,

*શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ,*
*બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.*

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે, નિર્વિકલ્પ છે એટલે કે અભેદ છે-અખંડ આનંદમૂર્તિ છે, આત્મા દેહથી રહિત-દેહાતીત છે. એક ક્ષણમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવો ચિત્ચમત્કાર છે. કેટલાક લોકો એમ કહે છે કે આ લાકડીમાં કાંઈક જાદુ છે. મહારાજ પાસે જે જાય તે પૈસાવાળા થઈ જાય છે માટે કાંઈક ચમત્કાર છે......ભાઈ! એ ચમત્કાર નથી. અહીં તો આત્મા પોતે ચમત્કારીક વસ્તુ છે, એક સમયમાં સર્વને જાણે પણ ક્યાંય રાગ કે દ્વેષ થતાં નથી એ ચમત્કાર છે.

આત્મા 'વિજ્ઞાનઘન' છે કેમ કે આત્મા જ્ઞાનનો ઘન છે. તેથી તેમાં દેહ, વાણી, મન, કર્મ કે રાગાદિ કોઈનો પ્રવેશ થઈ શકતો નથી. રાગ આત્માને સ્પર્શતો પણ નથી તો રાગથી ધર્મ થાય એ વાત ક્યાં રહી!

આત્મા 'આનંદકંદ' છે. જેમ સક્કરકંદ મીઠાસનો પિંડ છે તેમ આત્મા આનંદનો પિંડ છે. આત્મા જ્ઞાનનો તો પિંડ છે પણ અતીન્દ્રિય આનંદનો પણ પિંડ છે. તેમાં પુણ્ય-પાપના વિકલ્પનો પ્રવેશ નથી. આવો આત્મા જેના સાંભળવામાં પણ આવ્યો નથી તે ક્યારે સાંભળે, ક્યારે સમજે અને ક્યારે ઠરે!

આત્મા 'પરમદેવ' છે. દિવ્ય શક્તિઓ-અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ આદિ દિવ્ય શક્તિનો ધરવાવાળો દેવ છે. દેવ નહિ પણ પરમદેવ છે એમ કહે છે. આત્મા સિદ્ધ સમાન છે. નવકારમંત્રમાં છેલ્લા પદમાં नमो लोए सव्व આવે છે તે પદ પાંચેયમાં લાગુ પડે છે. માટે नमो लोए सव्व सिद्धाणं માં બધા સિદ્ધોને આદર્શ તરીકે રાખ. સિદ્ધમાં જે છે તે બધું મારામાં છે અને સિદ્ધમાં જે નથી તે મારામાં નથી એમ સમજી લે. કેમ કે તું સિદ્ધ સમાન છો.

આવા સિદ્ધ સમાન આત્માને અંતરદૃષ્ટિ વડે સમજવો, ભેદજ્ઞાન કરવું અને અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. *(ક્રમશ:)*

* * * * *

[ હે જીવ!.... પેઇજ નંબર ૬ થી ચાલુ ]

સાચવશે એમ માનવા જેવી મૂઢતા છે. અરે! કૂતરું નહિ ને કોઈ પારેવાંને પાળે કે તેની સાથે રમવા મળશે અને પાછળથી વારસો રાખશે એમ માને તો એ શું યોગ્ય છે! તેમ જે ભાવ આત્માથી વિલક્ષણ છે તે ભાવથી આત્માની સિદ્ધિ થાય!

જે પુણ્ય-પાપદિ ભાવ તારા નથી, તારામાં નથી અને ત્રણકાળમાં તારા થવાના નથી તેને પોતાના શું કામ માને છે ભાઈ! દુનિયામાં ડાહ્યા ગણાવ છો તોપણ આનો વિચાર કદી કર્યો નહિ! શરીર ને પુણ્ય-પાપના મમત્વને ભગવાનની આડાં રાખી દીધા છે માટે તારો સૂર્ય આથમી ગયો ભાઈ!

પરમાત્મપ્રકાશની શૈલી છે કે પહેલાં સમૂહાત્મક વાત કરીને પછી તેને જ ભિન્ન ભિન્ન પાડીને તેમાં જીવ કેવી રીતે એકતા કરે છે ને એકતા કેમ તૂટે તે બધું બતાવે છે. ગાથાએ ગાથાએ થોડો થોડો ભાવ ફેરવતાં જાય છે.

જુદી જાતના લક્ષણવાળા ભાવોને હવે છોડ ને! એ તારા થવાના નથી, તારામાં રહેવાના નથી. એક સમયમાત્ર પણ તે તારા સ્વરૂપમાં પેઠાં નથી.તારે અને તે વિલક્ષણ ભાવોને કોઈ વાતમાં મેળ નથી એમાં તું મેળ કરવા જા તો મેળ થવાનો નથી.

અનંતગુણની રાશિસ્વરૂપ આત્માથી વિલક્ષણભાવો સાથે એકતાબુદ્ધિ છોડીને હવે તું અનંતગુણની રાશિ–નિજાત્મામાં એકતા કરી લે! મૂળ મૂડીને સંભાળી લે!

અહીં મૂળ તો પરિણતી બતાવવી છે એટલે એવી શૈલી લીધી છે કે કેવલજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયરૂપ કાર્યસમયસારનો સાધક જે અભેદરત્નત્રયરૂપ કારણસમયસાર છે તે રૂપ પરિણત થયેલા પોતાના શુદ્ધાત્મસ્વભાવનું ચિંતવન કર! ભગવાન આત્માથી વિલક્ષણ ભાવોને લક્ષમાંથી, ધ્યેયમાંથી છોડ અને કાર્યસમયસાર એવો જે મોક્ષ તેનું જે કારણ છે–સાધક છે એવો અભેદરત્નત્રયરૂપ એટલે અભેદ શ્રદ્ધા, અભેદ જ્ઞાન અને અભેદ ચારિત્રરૂપે પરિણમીને આત્માનું ધ્યાન કર! અભેદરત્નત્રયનું પરિણમન એ કાર્યસમયસારરૂપ મોક્ષનું સાધક-કારણ છે. અભેદ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના પરિણમન વડે મોક્ષરૂપ કાર્ય પ્રગટ થાય છે માટે અભેદરત્નત્રયરૂપે પરિણમતા પોતાના શુદ્ધાત્માનું ચિંતવન કર અને તેને જ ઉપાદેય સમજ. અભેદરત્નત્રયના પરિણમન વડે શુદ્ધાત્માને ઉપાદેયપણે ધ્યાવે તો તારી મુક્તિ થયા વિના નહિ રહે. *(ક્રમશ:)*

*

# વૈરાગ્યજનની : બાર ભાવના

(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આત્માનો ધર્મ કે મુનિનો ધર્મ કહો તે એક જ છે. એવા દશ પ્રકારના ધર્મનું ફળ કહે છે. વીતરાગ શું કહે છે? એની અનંતકાળમાં પ્રાપ્તિ થઈ નથી એટલે કે જ્ઞાન-દર્શનપૂર્વક આત્મામાં રમણતા થવી તે ધર્મ છે, તેની પ્રાપ્તિ થઈ નથી. દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિ અનંતવાર કર્યા છે પણ ધર્મ કર્યો નથી. માટે હવે કહે છે કે એવા અલબ્ધપૂર્વ એટલે કે પૂર્વે કોઈ વખત નહિ પ્રાપ્ત કરેલ એવા ધર્મને તેને કેવળ પુણ્યના જ આશ્રયથી ન સેવવો.

एदे दहप्पयारा पावंकम्मस्स णासया भणिया ।
पुण्णस्स य संजणया पर पुण्णत्थं ण कायव्वा ॥४०६॥

અર્થ :—એ દશ પ્રકારે ધર્મના ભેદ કહ્યા તે પાપકર્મના નાશ કરવાવાળા તથા પુણ્યકર્મને ઉત્પન્ન કરવાવાળા કહ્યા; પરંતુ તેને કેવળ પુણ્યના જ અર્થે એટલે પ્રયોજનથી અંગીકાર ન કરવા.

આત્મા શુદ્ધ પવિત્ર ચૈતન્યસ્વભાવ છે. એના અવલંબનથી જે દશા થાય તે દશલક્ષણધર્મ છે, તેનાથી પાપનો નાશ થાય છે. મુનિને વીતરાગ દશા ઘણી વધી ગઈ છે, પણ હજુ અપૂર્ણતા છે એટલે રાગના કારણે શુભ ભાવ થાય છે, તેથી તે ધર્મના કારણે પુણ્ય ઉપાર્જન થાય છે એમ કહેલ છે પણ કેવળ પુણ્યને માટે ધર્મીને એનું સેવન હોતું નથી. ખરેખર ધર્મ તો ગુણનું ઉપાર્જન છે પણ શુભભાવ આવ્યા વિના રહેતો નથી તેથી પુણ્યનું ઉપાર્જન કરે છે એમ વ્યવહારથી કહેલ છે, પણ પુણ્યની ઈચ્છા રાખે તો તેને સમ્યગ્દર્શન રહેતું નથી.

ભાવાર્થ : શાતાવેદનીય, શુભાયુ, શુભનામ અને શુભગોત્રને તો પુણ્યકર્મ કહે છે તથા ચાર ઘાતીકર્મ, અશાતાવેદનીય, અશુભનામ, અશુભાયુ અને અશુભગોત્રને પાપકર્મ કહે છે. હવે અહીં આ દશલક્ષણધર્મ, પાપને નાશ કરવાવાળો તથા પુણ્યને ઉપજાવવાવાળો કહ્યો ત્યાં કેવળ પુણ્ય ઉપજાવવાનો અભિપ્રાય રાખી તેને ન સેવવો, કારણ કે પુણ્ય પણ બંધ જ છે અને આ ધર્મ તો પાપ જે ઘાતીકર્મ છે તેને નાશ કરવાવાળો છે. તથા અઘાતીમાં જે અશુભપ્રકૃતિ છે તેનો નાશ કરે છે. પુણ્યકર્મ છે તે સંસારિક અભ્યુદયને આપે છે. હવે તેનાથી (દશલક્ષણધર્મથી) વ્યવહાર અપેક્ષાએ તેનો પણ (પુણ્યનો પણ) બંધ થાય છે તો તે સ્વયમેવ જ થાય છે પણ તેની વાંછા

કરવી એ તો સંસારની જ વાંછા કરવા તુલ્ય છે અને એ તો નિદાન (ચોથું આર્તધ્યાન) થયું, મોક્ષના જિજ્ઞાસુને તે હોય નહિ. જેમ ખેડૂત અનાજ માટે ખેતી કરે છે તેને ઘાસ તો સ્વયમેવ થાય છે, તેની વાંછા તે શા માટે કરે? તેમ મોક્ષના અર્થીને પુણ્યબંધની વાંછા કરવી યોગ્ય નથી.

નિશ્ચયથી તો આત્મા સ્વભાવનો આશ્રય કરે છે ત્યારે વ્યવહારે તે પાપનો નાશ કરે છે અને પુણ્યને ઉપાર્જે છે એમ કહેવાય છે. જ્ઞાનીને પણ રાગ હોય છે. તેમાં શાતાવેદનીય બંધાય છે એ કારણે પૈસા, આબરૂ, સ્ત્રી, પુત્રાદિ મળે છે; તેની ધર્મીને રુચિ હોતી નથી. એ રીતે શુભાયુ, શુભનામ, શુભયોગ—એ ચાર અઘાતીકર્મમાં અડધાનો બંધ પડે છે અને બાકીના અડધાનો—ચાર અઘાતીના અશુભનો તથા ઘાતીકર્મનો નાશ કરે છે. એ રીતે ધર્મી જીવ પાપનો નાશ અને પુણ્યનું ઉપાર્જન કરે છે. પણ પુણ્યને ઇચ્છતો નથી. પુણ્યની રુચિ કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. જેમ દુષ્કાળમાં અનાજને બદલે ઘાસ મળે તો ખુશી થાય છે એમ અજ્ઞાની પુણ્ય કરવાથી ખુશી થાય છે. કેમ કે એને ત્યાં ધર્મનો દુષ્કાળ વર્તે છે. સારો ખેડુત તો અનાજને માટે ખેતી કરે છે, એમાં ઘાસ થઈ જાય; એમ જ્ઞાનીને ધર્મની ભાવના હોય છે એમાં શુભભાવ થઈ જાય છે. શુભભાવની ઇચ્છા ધર્મીને હોતી નથી.

આત્માની ઓળખાણ પૂર્વકના જે શુભભાવ થાય તેનો પુણ્યબંધ જગતના બીજા સાધારણ પ્રાણી કરતાં બીજા પ્રકારનો હોય છે. ચક્રવર્તી, ઇંદ્રપદ, બળદેવાદિના ઊંચા પુણ્યકર્મ ધર્મીને હોય છે પણ તેઓ તેની રુચિ કરતા નથી. જુઓ, સમયસાર, પ્રવચનસારાદિ અધ્યાત્મગ્રંથોમાં તો પુણ્યનો નિષેધ કરે છે. કેમ કે વીતરાગી શાંતિના અર્થીએ પુણ્યની ઇચ્છા કરવી તે વ્યાજબી નથી. સર્વજ્ઞનો ધર્મ તો આત્માના આશ્રયે છે. વચમાં શુભભાવ આવે તેની વાંછા કરવી નહિ.

હવે આ વાતને વિશેષ દૃઢ કરે છે.

**पुण्णं पि जो समिच्छदि संसारो तेण ईहिदो होदि ।**
**पुण्णं सग्गइ-हेउं पुण्णखयेणेव णिव्वाणं ॥४१०॥**

અર્થ :—જે પુણ્યને પણ ઇચ્છે છે તે પુરુષે સંસાર ઇચ્છયો, કારણ કે પુણ્ય છે તે સુગતિના બંધનું કારણ છે અને મોક્ષ છે તે તો પુણ્યનો પણ ક્ષય કરીને પ્રાપ્ત થાય છે.

વીતરાગી ધર્મ વીતરાગ સિવાય બીજે ક્યાંય હોતો નથી. વીતરાગના વાડામાં આવીને પણ જો પુણ્યની ઇચ્છા કરે તો તેને ધર્મ થતો નથી. પુણ્યની ઇચ્છા કરે છે તે બંધની ઇચ્છા છે અને તેથી તે સંસારના પરિભ્રમણનું કારણ થાય છે. પુણ્યબંધથી દેવ કે મનુષ્ય થાય પણ તેથી કાંઈ આત્માનું કલ્યાણ થતું નથી. કેમ કે મોક્ષ તો પુણ્યકર્મના

નાશથી થાય છે અને તેથી પુણ્ય મોક્ષનું કારણ નથી. અજ્ઞાની કહે છે કે ''ધર્મથી ધન મળે અને ધનથી ધર્મ થાય'' પણ તે વાત ખોટી છે. કેમ કે ધનનો યોગ તો પુણ્યથી થાય છે, ધર્મથી થતો નથી. ધનથી ધર્મ તો થાય નહિ પરંતુ પુણ્ય પણ ધનથી થાય નહિ, કેમ કે પૈસો પરવસ્તુ છે. પુણ્ય અને ધર્મ તો આત્માના પરિણામથી થાય છે. તેમાં પુણ્ય તો બંધનું કારણ છે માટે ધર્મીએ પુણ્યને ઈચ્છવું નહિ.

ભાવાર્થ :–પુણ્યથી સુગતિ થાય છે એટલે જેણે વાંછયું તેણે સંસાર જ વાંછયો. કારણ કે સુગતિ છે તે પણ સંસાર જ છે અને મોક્ષ તો પુણ્યનો ક્ષય થતાં થાય છે એટલે મોક્ષાર્થીએ પુણ્યની વાંછા કરવી યોગ્ય નથી.

**जो अहिलसेदि पुण्णं सकसाओ विसयसोक्खतहणाए ।**
**दूरे तस्स विसोही विसोहिमूलाणि पुण्णाणि ॥४११॥**

અર્થ :–જે કષાય સહિત થયો થકો વિષયસુખની તૃષ્ણાથી પુણ્યની અભિલાષા કરે છે તેને મંદકષાયના અભાવથી વિશુદ્ધતા દૂર વર્તે છે અને પુણ્યકર્મ છે તે તો વિશુદ્ધ (મંદકષાય) છે મૂળકારણ જેનું એવું છે.

પુણ્યની રુચિવાળાને વિષયસુખની તૃષ્ણા છે એટલે એને આત્માની રુચિ નથી તેથી તે પાપભાવ છે. ત્યાં પુણ્યભાવ પણ નથી. અત્યારે તો જગતમાં ધર્મને નામે એવી મૂઢતા ચાલે છે કે પુણ્ય કરો. પુણ્ય કરો, તો ધર્મ થશે, પરંપરાએ ધર્મ થશે. અત્યારે પુણ્ય કર્યા હશે તો ભવિષ્યમાં મહાવિદેહમાં જશું અને ત્યાં ધર્મ પામશું. આવું માનનારને પુણ્યની રુચિ છે, જેને પુણ્યની રુચિ છે તેને પુણ્યની ભાવનાથી ઊંચો પુણ્યબંધ પણ થતો નથી.

ભાવાર્થ :–દયા, દાન, ભક્તિ, વ્રતાદિના શુભભાવો જે થાય છે તેની જેને ભાવના છે તેને વિષયોની તૃષ્ણા છે, કારણ કે તે ભાવોના ફળમાં આત્મા મળે નહિ પણ પાંચ ઈન્દ્રિયોના વિષયો જ મળે છે અને તેથી તે પાપભાવ છે. આ રીતે આત્માના વીતરાગી ધર્મની અપેક્ષાએ પુણ્ય તે બંધનું કારણ હોવાથી પુણ્યના માથે તો ઘણ પડે છે. કેમ કે પુણ્યબંધથી ધર્મ થતો નથી અને પુણ્યની ઈચ્છાથી પાપ થાય છે. માટે પુણ્યની વાંછા કરવા જેવી નથી. અમદાવાદના માણેકચોકમાં એક ઝવેરાતનો વેપારી હતો, તેનાં પુણ્ય ફર્યા એટલે સ્થિતિ ફરી ગઈ પણ અંદરમાંથી મીઠાશ ગઈ ન હતી. તે એવી ભાવના ભાવતો હતો કે મરીને માણેકચોકનો ઝવેરાતનો વેપારી થાઉં તો સારું! હવે તે તો પાપભાવ છે એટલે વેપારી તો ન થાય પણ ઝવેરીના ગાડીનો ઘોડો થાય. વળી તે જમવા બેસે ત્યારે ચોખાના દાણા નાખી પંદર-વીસ કાગડાને બોલાવીને પછી ખાય. કેમ કે એની સારી સ્થિતિ હતી ત્યારે

પંદર-વીસ માણસોને સાથે રાખીને જમતો, તેની મીઠાશ ખસી ન હતી એટલે વલખા મારતો હતો. પણ એમ માગવાથી મળે નહિ. જ્ઞાની તો પુણ્યને ઇચ્છતા નથી. ચક્રવર્તીના રાજ હોય કે ઇન્દ્રપદ હોય પણ તેને તરણાં સમાન માને છે, તેને ઇચ્છતા નથી. અજ્ઞાની પુણ્યને ઇચ્છે છે એટલે તેને પુણ્યબંધ તો થતો નથી પણ નિદાનમાત્ર ફળ થાય તો થાય.

पुण्णासए ण पुण्णं जदो णिरीहस्स पुण्णसंपत्ती ।
इय जाणिऊण जइणो पुण्णो वि म आयरं कुणह ॥४१२॥

અર્થ :–કારણ કે પુણ્યની વાંછાથી કાંઈ બંધ થતો નથી પરંતુ વાંછા રહિત પુરુષને પુણ્યબંધ થાય છે એટલા માટે પણ અર્થાત્ એમ જાણીને પણ હે યતિશ્વર! તમે પુણ્યમાં પણ વાંછા–આદર ન કરો!

કોઈ રાજની, શેઠાઈની વાંછા કરે તો પુણ્યબંધ તો થતો નથી. પણ એકલો પાપબંધ થાય છે. ''ત્યાગે તેને આગે અને માગે તેને આઘે'' એ કહેવત પ્રમામે જેને પુણ્યની ઇચ્છા નથી તેને સારું પુણ્ય બંધાય છે અને જેને ઇચ્છા છે તેને પુણ્યબંધ થતી નથી પણ પાપબંધ થાય છે. અહીં યતિશ્વરને એટલે મુનિને સંબોધીને કહેલ છે, પણ શ્રાવકની વાત ગૌણમાં આવી જાય છે. એટલે જ્ઞાની ધર્મીને પુણ્ય ઇચ્છવાયોગ્ય નથી.–એમ સમજવું.

ભાવાર્થ : અહીં મુનિજનોને ઉપદેશ્યા છે કે પુણ્યની વાંછાથી પુણ્યબંધ થતો નથી. પુણ્યબંધ તો આશા મટતાં બંધાય છે માટે પુણ્યની આશા પણ ન કરો, માત્ર પોતાના સ્વરૂપપ્રાપ્તિની આશા કરો.

पुण्णं बंधादि जीवो मंदकसाएहि परिणदो संतो ।
तह्मा मंदकसाया हेऊ पुण्णस्स ण हि वंछा ॥४१३॥

અર્થ : મંદકષાયરૂપ પરિણમેલો જીવ પુણ્યને બાંધે છે, માટે પુણ્યબંધનું કારણ મંદકષાય છે, પણ વાંછા પુણ્યબંધનું કારણ નથી. પુણ્યબંધ મંદકષાયથી થાય છે અને તેની (પુણ્યબંધની) વાંછા છે તે તો તીવ્રકષાય છે માટે વાંછા કરવી નહિ. નિર્વાંછક પુરુષને પુણ્યબંધ થાય છે. લૌકિકમાં પણ કહે છે કે જે ચાહના કરે તેને કાંઈ મળતું નથી અને ચાહ વિનાનાને ઘણું મળે છે. માટે વાંછનાનો તો નિષેધ જ છે.

વીતરાગના માર્ગમાં કોઈ પણ શાસ્ત્ર લ્યો તો એક જ વાત કરે કે આત્માના આશ્રયે ધર્મ થાય પણ પુણ્યના આશ્રયે થાય નહિ અને પુણ્યથી ધર્મ થાય એમ જે શાસ્ત્ર કહે તે આત્માથી ધર્મ થાય એમ કહે નહિ એવા શાસ્ત્રોને માનવા નહિ. શુભભાવ પરંપરાએ મોક્ષનું કારણ છે એવું જેનું શુભભાવ ઉપર વજન છે તેને પણ વિકારની રુચિ

છે. પુણ્યને જેણે મીઠું માન્યું છે તેને ધર્મ તો થતો નથી પરંતુ પુણ્ય પણ થતું નથી કેમ કે પરિમામમાં લોભ ઘટાડવો તે પુણ્યનું કારણ છે પણ પુણ્યની ઈચ્છા પુણ્યનું કારણ નથી. માટે પુણ્યની ઈચ્છા છોડવા યોગ્ય છે.

હવે પ્રશ્નકાર પ્રશ્ન કરે છે કે અધ્યાત્મગ્રંથોમાં તો પુણ્યનો નિષેધ ઘણો કર્યો છે અને પુરાણોમાં પુણ્યનો જ અધિકાર છે માટે અમે જાણીએ છીએ કે સંસારમાં પુણ્ય જ મોટી વસ્તુ છે, તેનાથી તો અહીં ઇન્દ્રિયોનાં સુખ મળે છે, મનુષ્યપર્યાય, સારી સંગતિ, ભલું શરીર અને મોક્ષસાધનના ઉપાય એનાથી મળે છે, ત્યારે પાપથી તો નરક-નિગોદમાં જાય ત્યાં મોક્ષનું સાધન ક્યાંથી મળે? માટે એવા પુણ્યની વાંછા કેમ ન કરવી?

શિષ્ય કહે છે કે આદિપુરાણ, પદ્મપુરાણ આદિમાં પુણ્યના સ્વરૂપનું વર્ણન કર્યું છે માટે પુણ્ય આદરણીય છે. શિષ્યે આ વાત પકડી છે કે પુરાણ શું કહે છે? અને અધ્યાત્મગ્રંથમાં શું કહે છે? અધ્યાત્મશાસ્ત્રમાં પુણ્યની ઈચ્છા ન કરવી એમ કહ્યું છે તે બરાબર છે. પણ સંસારમાં પુણ્ય મોટી વસ્તુ છે. પુણ્ય હોય તો ''ગાંગજીભાઈ'' કહેવાય પુણ્ય વગર એને ગાંગલો કહેવાય છે. પુણ્યને લઈને લક્ષ્મી આદિ ગયેલી વસ્તુ પાછી મળે છે અને પાપનો ઉદય હોય તો સાંપડેલી વસ્તુ ચાલી જાય છે. માટે પુણ્ય સારું છે એમ શિષ્ય કહે છે. વળી પુણ્યને લઈને ગુરુવાણીનો યોગ થાય છે, પુણ્યને લઈને મહાવિદેહમાં ભગવાન પાસે જવાય અને પુણ્ય હોય તો સોનગઢમાં રહેવાય! એવો શિષ્યનો પ્રશ્ન છે.

શ્રી ગુરુ ઉત્તર આપે છે કે પુણ્યથી તો બહારની સામગ્રી મળે છે, એમાં આત્માને શું લાભ? આત્મા—હું ચૈતન્યદ્રવ્ય છું એવી દૃષ્ટિ ન કરે તો મહાવિદેહમાં જાય કે સોનગઢમાં રહે પણ એના આત્માને કાંઈ લાભ થતો નથી. વળી શિષ્ય ફરીને કહે છે કે પુણ્યથી ખાવાપીવાના સાધન મળે, મનુષ્યભવ મળે, લોકમાં આદર થાય અને મોક્ષના નિમિત્તો પણ પુણ્યના કારણે મળે છે અને પાપને લઈને નરક—નિગોદમાં જાય છે અને ત્યાં મોક્ષના સાધન મળતા નથી. માટે પુણ્યને ઈચ્છવું જોઈએ. તો તેનું સમાધાન કરે છે :–

એ કહ્યું તે તો સાચું છે પરંતુ માત્ર ભોગના અર્થે પુણ્યની વાંછાનો અત્યંત નિષેધ છે કેમ કે ભોગની વાંછાથી સારું પુણ્ય પણ થતું નથી. માટે પુણ્ય ઈચ્છવા યોગ્ય નથી. વળી પુણ્યથી તો બહારની સામગ્રી મળે છે પણ આત્માનો ધર્મ થતો નથી તેથી પણ પુણ્ય આદરણીય નથી. *(ક્રમશઃ)*

* *

# નિશ્ચય-વ્યવહાર-મોક્ષમાર્ગની સંધિ

(શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ ૧૭૨મી ગાથામાં નિશ્ચય-વ્યવહારમોક્ષમાર્ગની સંધિનું કથન છે. આત્મા જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ ધ્રુવવસ્તુ છે તે ભૂતાર્થ વસ્તુ છે, અને તે ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ ક્ષણિક રાગાદિ ભાવોને અભૂતાર્થ કહ્યા છે, ને એક સમયની પર્યાયનો ભેદ પણ અભૂતાર્થ છે વર્તમાન પર્યાય ત્રિકાળી સ્વભાવમાં અભેદ થતાં વ્યવહારનયનો વિષય જુદો રહેતો નથી. તેથી ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિએ વ્યવહારને અભૂતાર્થ ગણ્યો છે. સમયસારની ૧૩મી ગાથામાં પણ કહે છે કે–

*ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને*
*આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.*

અર્થ :–ભૂતાર્થ નયથી જાણેલ જીવ, અજીવ વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વભાવ છે તે શુદ્ધનયનો વિષય છે ને તે જ ભૂતાર્થ છે, તેની અંતરદૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે; ને તે સમ્યગ્દર્શનના વિષયમાં વ્યવહાર અભૂતાર્થ છે, પણ પ્રમાણજ્ઞાનના વિષયમાં નિશ્ચય અને વ્યવહાર બન્ને આવે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં રાગ થાય છે તેને પણ તે જાણે છે. દૃષ્ટિમાં રાગનો નિષેધ હોવા છતાં જ્ઞાન તેને જાણે છે. જો તે વ્યવહારને ન જાણે તો જ્ઞાન પ્રમાણ થતું નથી. તેમ જ જો વ્યવહારના આશ્રયે નિશ્ચય માને તોપણ પ્રમાણજ્ઞાન કે સમ્યગ્દર્શન થતું નથી.

નિશ્ચયથી ઉપયોગસ્વરૂપ જ આત્મા છે, તેમાં કર્તા કર્મ વગેરે ભેદના વિકલ્પો પણ નથી, પણ પર્યાયમાં જ્ઞાનીને ભૂમિકા અનુસાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના વિકલ્પરૂપ વ્યવહાર આવી જાય છે. સમ્યગ્દૃષ્ટિને ભાન તો છે કે હું ઉપયોગસ્વરૂપ છું. ઉપયોગમાં ઉપયોગ છે, ઉપયોગમાં ક્રોધાદિ નથી ને ક્રોધાદિમાં ઉપયોગ નથી. ચિદાનંદ સ્વભાવ ભૂતાર્થ છે. તે સ્વભાવની અરુચિ કરીને જેણે વિકારનો આદર કર્યો તે જીવને સ્વભાવ ઉપર ક્રોધ છે, તે અનંતાનુબંધી ક્રોધ છે. પણ અહીં તો કહે છે કે ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ક્રોધાદિ નથી એટલે જ્યાં ધ્રુવ ઉપયોગરૂપ સ્વભાવનું ભાન કરીનેતેમાં પર્યાય વળી ત્યાં આત્મામાં ક્રોધાદિ નથી, એટલે કે ત્યાં આત્માની અરુચિ હોતી નથી ને વિકારનો આદર હોતો નથી. જેને વિકારની રુચિ છે તે જીવને સ્વભાવની અરુચિ છે. સ્વભાવની અરુચિનું નામ અનંતાનુબંધી ક્રોધ છે. તે ક્રોધમાં ઉપયોગનો અભાવ છે.

ધર્મીને ભેદજ્ઞાન થયું છે કે અહો! હું અભેદ જ્ઞાનસ્વરૂપ છું, ભેદનો વિકલ્પ મારા સ્વરૂપમાં નથી–આવું ભાન હોવા છતાં જ્યાં સુધી સર્વથા અભેદ વીતરાગદશા ન પ્રગટે ત્યાં સુધી ચોથા–પાંચમા–છઠ્ઠા ગુણસ્થાને ભેદનો વિકલ્પ આવે છે. તે વિકલ્પ વખતે તીર્થંકર સંત-મુનિ-સમ્યગ્જ્ઞાની ધર્માત્મા વગેરે તીર્થને દેખીને તેમના પ્રત્યે બહુમાન-ભક્તિનો ઉલ્લાસ આવે છે. મુનિ–અર્જિકા વગેરે ચાર તીર્થ છે તથા સમ્યગ્દષ્ટિ ધર્માત્મા પ્રત્યે પ્રીતિભાવ આવે છે, તે વખતે પોતાને અંતરસ્વભાવની સુદૃષ્ટિને લીધે વીતરાગભાવ વધતો જાય છે. મુનિ–અર્જિકા-શ્રાવક-શ્રાવિકા વગેરે ધર્માત્માઓને દેખીને ધર્મીને તેમના પ્રત્યે પ્રમોદભાવ આવ્યા વિના રહેતો નથી. પૂર્ણ વીતરાગભાવ પ્રગટ્યો ન હોય ત્યાં વ્યવહાર રત્નત્રયનો શુભરાગ આવે છે. તે આત્માની પર્યાયને જેમ છે તેમ પ્રમાણજ્ઞાનથી જાણવી જોઈએ.

દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ સમયસારમાં તો એમ કહે છે કે જેટલા વ્યવહારના પરિણામ છે તે પુદ્ગલના પરિમામ છે. ત્યા તો શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરાવીને પર્યાયબુદ્ધિ છોડાવવા માટે તે કથન છે. પણ પર્યાયમાં રાગાદિ છે તેને જાણવા જોઈએ. અહીં તો કહ્યું : ભૂમિકા અનુસાર ચાર તીર્થની ભક્તિ વગેરેનો જે ભાવ આવે છે તે ઉત્સાહ વધવાનું કારણ છે, તે વખતે અંદર સ્વભાવની દૃષ્ટિ તો પડી છે; એટલે સ્વભાવના આશ્રયે વીતરાગભાવ થતો જાય છે, તેથી ઉપચારથી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેના શુભરાગને પણ ઉત્સાહ વધવાનું કારણ કહ્યું છે. જે જીવ રાગના આશ્રયથી લાભ માની લ્યે છે અને સ્વભાવનું ભાન નથી, તેના રાગને વ્યવહાર કહેતા નથી. અહીં તો નિશ્ચય-વ્યવહારની સંધિનું કથન છે.

નિશ્ચયસ્વભાવની દૃષ્ટિ પડી છે ને ચોથા–પાંચમા–છઠ્ઠા ગુણસ્થાને રાગનીમંદતારૂપ વ્યવહાર આવે છે. જેમ બીજના ચંદ્રની કળા ક્રમે ક્રમે વધતી જાય છે, પણ તાવડીના કટકામાંથી પૂનમ થતી નથી. તેમ જેને ચિદાનંદ સ્વરૂપની દૃષ્ટિ થઈ છે તેને સ્વભાવના અવલંબને ક્રમે ક્રમે ગુણસ્થાન વધતું જાય છે. વચ્ચે શુભરાગ છે તેને લીધે ગુણસ્થાન વધે એમ કહેવું તે તો ઉપચારથી કથન છે. શુદ્ધ કારણપરમાત્મા છે તેના જ આશ્રયે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર પ્રગટે છે, ટકે છે, ને વધીને પૂર્ણ થાય છે, પણ વચ્ચે પર્યાયની હીનાધિકતા ભેદો પડે છે–તે ભેદોને લક્ષમાં લેવા તે વ્યવહારનયનો વિષય છે. ગુણસ્થાન અનુસાર વ્રત-ભક્તિ વગેરેના ભાવો આવે છે. તે વ્યવહારનો વિષય છે. પહેલાં કરતાં શુદ્ધતાના અંશો બીજી પર્યાયમાં વધતા જાય છે, એટલે પર્યાયની અનેકતા છે. તે અનેકતા વ્યવહારનયનો વિષય છે. તે વ્યવહારનું જ્ઞાન કરાવવાની વાત સમયસારની ૧૨મી ગાથામાં કરી છે. દૃષ્ટિ તો અભેદ સ્વભાવ ઉપર જ પડી છે, પણ સ્વભાવના આશ્રયે પર્યાયમાં શુદ્ધતા વધતી જાય છે, તે પર્યાયને જાણવી જોઈએ.

ધર્મીજીવ પર્યાયનો આશ્રય નથી કરતા પણ પર્યાયનું જ્ઞાન કરે છે. ચોથા ગુણસ્થાને

એમ ન માને કે હું પર્યાયમાં વીતરાગ કેવળી થઈ ગયો છું! સ્વભાવે પ્રભુ છું પણ પર્યાયમાં પામરતા છે, અહો! પર્યાયમાં હજી ઘણી અલ્પતા છે, હજી રાગ થાય છે, ક્યાં સંતોની ને કેવળીની દશા!! અને ક્યાં મારી દશા!! સંતોની દશા પાસે તો મારી પામરતા છે! અહો! ધન્ય એ સ્વરૂપમાં ઝૂલતા સંતોની દશા!–એમ ધર્મીજીવ પોતાની પર્યાયની હદને જાણે છે ને સ્વભાવના આશ્રયે પુરુષાર્થ વધારે છે. સ્વભાવથી મારામાં ત્રિકાળ પ્રભુતા છે, પણ પર્યાયમાં જ્યાંસુધી કેવળજ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી પામરતા છે–એમ ધર્મીજીવ દ્રવ્યપર્યાય બન્નેને જાણે છે; ને સ્વભાવ તરફનો ઉત્સાહ વધારે છે. દ્રવ્યનો આશ્રય રાખીને પર્યાયનું જ્ઞાન કરે છે, એટલે પર્યાયમાં ક્ષણે ક્ષણે શુદ્ધતા વધતી જાય છે.

દ્રવ્યનો આશ્રય છોડે તોપણ મૂઢતા છે ને પર્યાયનો વિવેક ભૂલે તોપણ મૂઢતા છે. અભેદ સ્વભાવનો આશ્રય રાખીને દ્રવ્યપર્યાય બન્નેનું જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે. ધર્મીજીવને ભૂમિકા પ્રમાણે શુભરાગ આવે છે, પણ દૃષ્ટિ તો સ્વભાવ ઉપર છે તેથી સ્વભાવના અવલંબને ક્રમે ક્રમે ચારિત્રમોહનો નાશ થતો જાય છે. બહારમાં પરવસ્તુના ગ્રહણ કે ત્યાગનો કર્તા તો આત્મા નથી. તેથી બહારમાં વસ્તુ છોડું તો રાગ છૂટે–એમ ધર્મી માનતો નથી. પણ સ્વભાવનો ઉદ્યમ કરતાં રાગ છૂટી જાય છે. સ્વભાવની જેને દૃષ્ટિ પ્રગટે તેને વિકલ્પની ભાવના હોતી નથી.

જ્યાં મુનિદશા પ્રગટી ત્યાં સહેજે એવો ઉગ્ર પુરુષાર્થ હોય છે કે સદોષ આહારની વૃત્તિ જ ઉઠતી નથી અને ત્યાં પુણ્યનો યોગ સહેજે એવો હોય છે કે નિર્દોષ આહારનો યોગ બની જાય છે. 'કાલે ક્યાં આહાર મળશે'–એવા વિકલ્પ મુનિને હોતા નથી. જેમ જેમ સ્વભાવનું અવલંબન વધતું જાય છે તેમ તેમ પર્યાયની શુદ્ધતા વધતી જાય છે ને રાગ તૂટતો જાય છે. છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઘણો વીતરાગ ભાવ પ્રગટી જાય છે. છઠ્ઠા ગુણસ્થાને જરાક પ્રમાદ હોય છે; મોહનો ઘણો નાશ થઈ ગયો છે, પણ અજાણપણાથી કોઈવાર પ્રમાદભાવ થઈ જાય છે, ત્યારે ફરી પાછા દંડ–પ્રાયશ્ચિત કરીને શુદ્ધતા કરે છે. મુનિદશામાં અજ્ઞાન કે મિથ્યાત્વ તો હોય નહિ, પણ કોઈવાર સહજ પ્રમાદભાવ આવી જાય–તેટલી શિથિલતા છે પણ કાંઈ કર્મના ઉદયને લીધે તે જીવને અપરાધ થયો–એમ નથી. અગિયારમાં ગુણસ્થાનેથી કર્મના ઉદયના કારણે નથી પડતો, પણ પોતાની પર્યાયની મર્યાદા જ તેટલી છે. ૧૧માં ગુણસ્થાને તો કાંઈ મોહનો ઉદય નથી, તેની ઉપશાંત–મોહદશાનો કાળ પૂરો થતાં તે દસમા વગેરે ગુણસ્થાને પાછો આવી જાય છે. ક્ષપકશ્રેણી કેમ ન માંડી? ઉપશમશ્રેણી માંડી તે જીવની યોગ્યતા જ અગિયારમા ગુસ્થાન સુધી જવાની છે.

એ જ પ્રમાણે છઠ્ઠું–સાતમું ગુણસ્થાન પણ પોતાની પર્યાયની યોગ્યતાથી આવે છે. સંજ્વલનના મંદઉદયથી સાતમું ને તીવ્ર ઉદયથી છઠ્ઠું–એમ કહેવું તે તો નિમિત્તનું કથન છે.

સમય સમયની પર્યાયની યોગ્યતા સ્વતંત્ર છે. જ્ઞાનાવરણીયકર્મની વ્યાખ્યા કરે ત્યારે એમ કહે કે "આત્માના જ્ઞાનને રોકે તે જ્ઞાનાવરણીય કર્મ છે" –ત્યાં તેનો અર્થ શું? કે આત્મા પોતાના જ્ઞાનની હીણી દશારૂપે પરિણમ્યો ત્યારે સામે નિમિત્તપણે જ્ઞાનાવરણકર્મનો ઉદય હોય છે. એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, પણ કોઈ કોઈના કર્તા નથી, જો એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે એમ માને તો તે 'ઇશ્વરે દુનિયા બનાવી'–તેના જેવી મિથ્યામાન્યતા છે. જેમ ત્રિકાળી દ્રવ્ય સત્ છે, તેનો કર્તા કોઈ ઇશ્વર નથી, તેમ દ્રવ્યની પર્યાયનો પણ કોઈ બીજો કર્તા નથી. જેમ અન્યમતિ કહે છે કે ઇશ્વરે જગતને બનાવ્યું, તેમ જૈનમાં પણ કોઈ એમ કહે કે "મારી પર્યાયને નિમિત્તે બનાવી, અથવા દેહની ક્રિયા મારાથી થાય છે"–તો તે બન્ને જીવો મિથ્યાદૃષ્ટિ છે. જો નિમિત્તથી આત્માની પર્યાય થાય તો પોતે શું કર્યું? પોતાની પર્યાયમાં પરાશ્રયભાવે વિકાર થયો, તે સ્વાશ્રયે ટળી જાય છે. નિમિત્તથી વિકાર થાય છે માટે નિમિત્તને દૂર હટાવો–એમ જે માને છે તેને સ્વપરની ભિન્નતાનું ભાન નથી, તે મિથ્યાદૃષ્ટિ છે.

તિન્નાણં તારયાણં એટલે કે હે ભગવાન! આપ તર્યા અને અમને તારનારા છો-એમ કહેવું તે નિમિત્તથી ઉપચારકથન છે. પોતે સ્વાશ્રયથી તરે ત્યારે ભગવાને તાર્યો–એમ વિનયથી કહેવાય છે.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ, અમૃતચંદ્રાચાર્યદેવ વગેરે એકેક દિગંબર સંતો આભના થોભ જેવા મહાસમર્થ હતા, છઠ્ઠે–સાતમે ગુણસ્થાને આત્માના શાંત આનંદરસમાં ઝૂલતા હતા. તેઓ કહે છે કે દ્રવ્યસ્વભાવના આશ્રયે જ શુદ્ધિ થાય છે. ચિદાનંદ દ્રવ્યનું અવલંબન તે જ મોક્ષમાર્ગ છે. પર્યાયમાં નબળાઈથી પ્રમાદ છે તેને જાણવો તે વ્યવહાર છે. જે સમયે રાગ થયો તે સમયે તો તે ઉત્પાદરૂપ છે, ઉત્પાદ પર્યાયની તે સમયે વ્યય થતો નથી ને બીજે સમયે તે ટળી જ જાય છે, એટલે ખરેખર રાગને છોડવો પડતો નથી, પણ અંદર સ્વભાવની દૃષ્ટિ કરીને તેનું ઉગ્ર અવલંબન લેતાં વીતરાગતા વધે છે ને રાગ ઉત્પન્ન જ થતો નથી. પદાર્થનું આવું સ્વરૂપ યથાર્થપણે જાણ્યા વિના બહારમાં જેટલા ઉપાય કેર તે બધા વૃથા છે.

જીવોએ અનાદિથી વસ્તુસ્વરૂપ શું છે તે જાણ્યા વિના બહારમાં બધા ઉપાયકરીને તેને ધર્મ માન્યો છે, જૈનદર્શન અગમ્ય છે ને તે ગમ્ય થાય તો અલ્પકાળમાં મુક્તિ થઈ જાય તેવું છે. ગુરુગમ વિના તે સમજાય તેવું નથી. ધર્મીને સ્વદ્રવ્યના આશ્રયની દૃષ્ટિ તો છૂટતી નથી, પણ પર્યાયમાં ભૂમિકાને યોગ્ય કોઈ દોષ લાગી જાય તો ગુરુ પાસે જઈને વિનયથી સરળતાપૂર્વક તેનું પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધતા વધારે છે. અપરાધ થયો તે પર્યાય તો ટળી ગઈ, પણ વ્યવહારથી તેનું પ્રાયશ્ચિત્ત લીધું એમ કહેવાય છે. સ્વભાવના આશ્રયે નિર્મળતા વધતી જાય છે ને રાગ તૂટતો જાય છે. એનું નામ મોક્ષમાર્ગ છે. વચ્ચે રાગ રહે તેનું જ્ઞાન કરવું તેને વ્યવહાર કહે છે. ✻ *(ક્રમશઃ)*

# વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણ પ્રસંગ

(અશોક-રોહીણીની —વાસુપૂજ્ય ભગવાનના ગણધર અમૃતાશ્રવની --કથા)

એક સમયની વાત છે, વિપુલાચલ પર્વત પર ભગવાન મહાવીરપ્રભુનું સમવસરણ આવેલ હતું. તેમાં મહાવીરપ્રભુ ગણધરોની સાથે બિરાજમાન હતા. આ સમાચાર રાજા શ્રેણિકને મળતાં તુરત સમવસરણમાં ગયા અને ભગવાન મહાવીરને નમસ્કાર સ્તુતિ આદિ કરીને વાસુપૂજ્ય ભગવાનના ગણધર અમૃતાશ્રવનું (—અશોકનું) ચરિત્ર પૂછ્યું અને ઉત્સુકતા સાથે ભગવાનનો ઉત્તર સાંભળવા લાગ્યા. ભગવાન કહે છે કે હે રાજન્! આ દેશમાં હસ્તિનાપુર નામનું સુંદર નગર છે, તેમાં વીતશોક નામના મહાગુણવાન રાજા હતા. તેમને વિદ્યુતપ્રભા નામની ગુણીયલ સુંદર રાણી હતી. એ બન્નેને અશોક નામનો ગુણવાન પુત્ર હતો.

એ સમયમાં ચંપાનામની એક નગરી હતી, તેના રાજાનું નામ મઘવા હતું, તેને શ્રીમતી નામની રાણી હતી. તેમને આઠ પુત્રો અને એક પુત્રી હતી. પુત્રીનું નામ રોહીણી હતું. રોહીણી ગુણવાન રૂપવતી યુવતી હતી. તે એક વખત અષ્ટાહ્નિકા પર્વમાં ઉપવાસ કરીને જિનેન્દ્ર ભગવાનની ઉત્સાહથી પૂજા કરીને જિનધર્મી સાધુઓને નમસ્કારકરીને સભાભવનમાં બેઠેલા માતા-પિતા આદિ પરિવારજનો પાસે આવી. પિતાએ સ્નેહવશ રોહીણી પુત્રીને ગોદમાં બેસારી. પિતા પુત્રીને યુવાન થયેલ જોઈ વિચારવા લાગ્યા કે આ રૂપગુણવાન કન્યાને તેના સમાન રૂપગુણવાન કોણ વરને આપું!

રાજાએ પોતાના મંત્રીને બોલાવ્યા અને કન્યાના વરને શોધવા માટે પૂછ્યું તો મંત્રીએ કહ્યું કે આ સુંદર કન્યાને તેના યોગ્ય વર શોધવા માટે સ્વયંવર મંડપનું આયોજન કરીને કન્યાને પસંદ યોગ્ય વરને પરણાવવી ઠીક લાગે છે. રાજાને આ વાત ગમી જતાં દેશોદેશના રાજકુમારને આમંત્રણ મોકલ્યું. અનેક રાજકુમારો ચંપાનગરીમાં આવ્યા. તેમને યોગ્ય આસન-ખાન—પાન આદિની સુંદર વ્યવસ્થા કરી અને તેમના માટે મણિમય સિંહાસનો ગોઠવી સભામંડપ તૈયાર કર્યો.

રાજકુમારો સભામંડપમાં આવીને પોતપોતાના આસને બિરાજમાન થયા. રોહીણી બહુમૂલ્ય વસ્ત્રો અને આભૂષણોથી સુશોભિત થઈને સભા મંડપમાં દાસીની સાથે સાથે આવી પહોંચી. રોહીણીનું રૂપ જોતાં સાક્ષાત્ ઈન્દ્રાણી હોય તેવું લાગતા રાજકુમારો તેને ઉત્કંઠાથી એકીટસે જોઈ રહ્યા હતા. દાસી એક એક રાજકુમારની ઓળખ આપતી આગળ વધતી જતી હતી. રોહીણીને કોઈ રાજકુમાર ઉપર મન ઠરતું નહતું. આગળ ચાલતાં દાસીએ કહ્યું કે સ્વામિની! આ વીતશોક રાજાનો સુપુત્ર અશોક છે. સમસ્ત ગુણોનો સાગર છે. સહજ તેનું રૂપ કામદેવને પરાજિત કરે તેવું છે. જાણે કોઈ દેવ અથવા વિદ્યાધર જેવું રૂપ છે. રોહીણીએ કુમાર અશોકના રૂપગુણ જોઈને તુરત વરમાળા અશોકકુમારને પહેરાવી.

રોહીણીના પિતાએ અશોકકુમાર સાથે લગ્નનું નક્કી કર્યું અને અશોકકુમારે જિનેન્દ્ર ભગવાનની

મહામહ નામની પૂજા કરીને મંગલમૂહુર્તે રાજકુમારી સાથે વિધિપૂર્વક વિવાહ કર્યાં અને કેટલોક સમય સ્વસુરને ત્યાં રહ્યાં.

તે પછી અશોક-રોહીણીએ પોતાના હસ્તિનાપુર નગરમાં આવી માતા–પિતા આદિ કુંટુંબીજનોને પ્રણામ કર્યા. તે પછી એક દિવસ પિતા વીતશોકને ઉલ્કાપાત દેખતાં વૈરાગ્યભાવના જાગૃત થઈ. પુત્ર અશોકને રાજગાદીએ બેસારી પોતે જિનદીક્ષા લીધી; ઉગ્ર તપ કરી કર્મ ખપાવી નિર્વાણ ગયા. અશોકકુમારને પિતાના દીક્ષિત થવાથી કેટલાક વખત પછી શોક દૂર થયો અને રાજ્યભાર બરાબર સંભાળી રહ્યાં હતા.

રોહીણીને સુંદર આઠ પુત્ર થયા અને ચાર પુત્રીઓ થઈ. નાના પુત્રનું નામ લોકપાલ હતું. એક વખત અશોક-રોહીણી સમસ્ત પુત્ર-પુત્રીઓ સાથે રાજભવનની છત ઉપર બેઠા હતા, મીઠી મીઠી આનંદકારી વાતો કરતા હતા. એવામાં રોહીણીએ નીચે ગલીમાં જોયું કે અનેક સ્ત્રીઓ વાળને વીખેરીને ઘેરો વળીને રૂદન કરતી કુટતી હતી, આક્રંદ કરતી હતી. તે જોઈને રોહીણીને આશ્ચર્ય થયું કે આ ક્યા પ્રકારનું નાટક ગાનતાન છે? મને તો ૭૨ કળાનું જ્ઞાન છે. તેમાં આવું નાટક કે ગાનતાન તો મેં જોયું નથી. તેથી વિસ્મયતાથી દાસીને પૂછે છે કે આ ક્યા પ્રકારનું નાટક કે ગાનતાન છે? ત્યારે દાસી રોહીણીનું ભોળપણ જોઈને કહે છે કે પુત્રી! આ નાટક નથી પણ કોઈક દુઃખીયા જીવો શોક અને દુઃખ મનાવી રહ્યા છે. ત્યારે રોહીણી ફરી પૂછે છે કે શોક અને દુઃખ શું વસ્તુ છે? રોહીણીનો આવો પ્રશ્ન સાંભળી દાસી ગુસ્સે થઈને કહે છે કે સુંદરી! તને ઉન્માદ થયો છે! પાંડિત્ય અને ઐશ્વર્ય આવો હોય? અને શું તને લોકાતિશયી સૌભાગ્ય છે કે તું દુઃખ અને શોકને જાણતી નથી અને સ્વર ને ભાષાના અલંકૃત નાટક નાટક બકી રહી છો? શું તું આ ક્ષણે જ જન્મ લઈ રહી છો?

દાસી વસંતતિલકાની ક્રોધ ભરેલી વાત સાંભળીને રોહીણી કહેવા લાગી કે ભદ્રે! તું મારા ઉપર ક્રોધ ન કર, મારા માટે આ પ્રસંગ અદ્રષ્ટ અને અશ્રુત આજ પણ છે. તેથી મેં આપને પ્રશ્ન કર્યો તેમાં અહંકારની કોઈ વાત નથી. ત્યારે દાસી કહે છે કે હે વસ્ત! આ નાટક પ્રયોગ કે સંગીત સ્વર નથી પરંતુ ઈષ્ટ બંધુના મૃત્યુથી રોનારને જે દુઃખ થાય છે તેને શોક કહેવાય છે. રોહીણી ફરીને પૂછે છે કે હે ભદ્રે! હું રૂદનનો અર્થ પણ જાણતી નથી તો રૂદનનો અર્થ શું છે તે બતાવ!

રોહીણીનો આ પ્રશ્ન પૂરો થતાં જ રાજા અશોકે કહ્યું, શોકથી જે રૂદન થાય છે તેનો અર્થ હું બતાવું છું તેમ કહીને નાનકડા લોકપાલ કુમારને રોહીણીના હાથમાંથી ખેંચી લઈને છત ઉપરથી નીચે નાખ્યો એટલે તુરત રોહીણીને બહુ જ દુઃખ અને શોક થયો. કુમાર લોકપાલને તો દેવીઓએ આવીને ફુલની શૈયામાં ઝીલી લીધો અને અભિષેક આદિથી લોકપાલનું સન્માન કરી દેવીઓ ચાલી ગઈ.

એક વખત હસ્તિનાપુરમાં રૂપકુમ્ભ અને સ્વર્ણકુમ્ભ નામના બે ચારણઋદ્ધિધારી મુનિઓ પધારતાં વનપાળે રાજાને મુનિઓ પધાર્યાના સમાચાર આપ્યા. તેથી રાજા બહુ જ ખુશી થયા અને અશોકરાજા પરિવાર આદિ સહિત વનમાં જઈ મુનિઓને ભક્તિ પૂર્વક વંદના કરીને અવધિજ્ઞાની

રૂપકુમ્ભમુનિને વિનયથી પ્રશ્ન પૂછ્યો કે મહારાજ! મેં અને મારી પત્ની રોહીણીએ પૂર્વકાળમાં પ્રાણીઓ ઉપર દયા કરનારા ક્યા પ્રકારના ધર્મનું સેવન કર્યું હતું એ કૃપા કરીને કહો.

મુનિરાજ કહે છે કે આ હસ્તિનાપુરમાં પહેલાં વસુપાલ નામના રાજા હતા. વસુમતી નામની તેને રાણી હતી. તેનો ભાઈ ધનમિત્ર હતો અને તે રાજશેઠ હતો. તેને પૂતિગંધા નામની એક કન્યા હતી. પૂતિગંધાના શરીરમાંથી મરેલાં કોઢી કૂતરાના શરીરની દુર્ગંધની જેવી ભીષણ દુર્ગંધ નીકળતી હતી, જેના કારણે આકાશ પણ દુર્ગંધમય થઈ જતું, એટલી ભીષણ દુર્ગંધ નીકળતી હતી.

તે જ નગરમાં એક વસુમિત્ર નામના ધનવાન શેઠ રહેતા હતા. વસુમતી નામની તેને પત્ની હતી. તે બન્નેને શ્રીષેણ નામનો પુત્ર હતો, તે સપ્ત વ્યસની મહાપાપી હતો. ચોરી કરતાં એક વખત કોટવાળે તેને પકડી પાડ્યો અને મજબૂત સાંકળથી બાંધી માર પીટ કરતાં નગરમાં ફેરવતા હતા ત્યારે પૂતિગંધાના પિતાએ શ્રીષેણને કહ્યું કે જો તું મારી પુત્રી સાથે વિવાહ કરે તો તને આ બંધનથી છોડાવું! માર ને ભયથી ત્રાસીને શ્રીષેણે કહ્યું કે મામા! મને છોડાવો તો હું તમારી પુત્રી પૂતિગંધા સાથે પરણીશ.

પૂતિગંધાના પિતાએ રાજાને વિનંતિ કરીને શ્રીષેણને બંધનમુક્ત કર્યો ને પૂતિગંધા સાથે વિવાહ કર્યો, પરંતુ તેની દુર્ગંધથી એક રાત્રી પણ તેની સાથે રહી શક્યો નહિ. તેથી સવાર થતાં તેને છોડીને ચાલ્યો ગયો. પૂતિગંધા દીનહીન થઈ પિતાને ઘેર દિવસ ગુજારતી હતી.

એક વખત પિહિતાસ્રવ નામના ચારણઋદ્ધિધારી મુનિ સંઘ સહિત આવેલા. તેના સમાચાર મળતાં રાજા વિગેરે સૌ મુનિવંદન માટે વનમાં ગયા. તેની સાથે પૂતિગંધા પણ માતાપિતા સહિત મુનિવંદનાએ ગયેલ અને વંદના કરી ઉપદેશ સાંભળીનેવિનયથી મુનિરાજને પૂતિગંધાએ પ્રશ્ન કર્યો કે મારા પૂર્વભવની વાત બતાવો જેના કારણે પૂતિગંધા થઈને મહાન દુઃખ ભોગવું છું.

મુનિરાજ મહાન વૈરાગ્યભાવને જાગૃત કરનાર પૂતિગંધાની પૂર્વભવની વાત બતાવતા કહે છે કે પુત્રી! હું તને દુર્ગંધમય શરીર મળવાનું કારણ બતાવું છું તું ધ્યાન દઈને સાંભળ!

ભરતક્ષેત્રમાં સૌરાષ્ટ્ર નામના દેશમાં ગિરિનગર નામનું એક નગર હતું. તેના રાજાનું નામ ભૂપાલ હતું અને તે વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિ હતા. તે રાજાને એક ગંગદત્ત નામના શેઠ હતા. તેની પત્નીનું નામ સિંધુમતી હતું. સિંધુમતીને પોતાના રૂપ-યૌવન-વિલાસ આદિનો મહાન ગર્વ હતો.

એક વખત અનેક મહિનાના ઉપવાસી સમાધિગુપ્ત નામના મુનિ પારણા માટે નીકળેલા હતા. તે વખતે વનમાં રાજાની સાથે જઈ રહેલા ગંગદત્ત શેઠે મુનિને પોતાના ઘર તરફ આવતાં જોઈને પોતાની પત્ની સિંધુમતીને કહ્યું કે મુનિરાજ પધારી રહ્યા છે તેમને વિધિપૂર્વક આહાર આપીને પછી વનમાં આવજે. સિંધુમતી પતિના કહેવાથી પાછી તો વળી ગઈ પણ તેના મનમાં બહુ જ ક્રોધ થઈ ગયો. મુનિરાજને પડગાહી પોતાને ઘેર લઈ ગઈ અને ભેંસને માટે બનાવેલ ખૂબ મીઠું આદિ નાખેલ ખાણ કડવી તુંબડી મેળવીને આપવા તૈયાર થતાં તેની દાસીએ ખૂબ ના પાડી તોપણ ક્રોધથી આહાર આપ્યો. મુનિરાજે આહાર લઈને હંમેશને માટે પ્રત્યાખ્યાન લઈને આરાધનાઓનું આરાધન કરીને સ્વર્ગમાં દેવપર્યાય ધારણ કરી.

જ્યારે રાજા વનમાંથી પાછા ફર્યા ત્યારે તેમને જાણવા મળ્યું કે ગંગદત્તની પત્ની સિંધુમતીએ મુનિને કડવી તુંબડી ખવરાવીને મૃત્યુ કરેલ છે. તેથી રાજાએ સિંધુમતીનું માથું મુંડાવી પાંચ બળદ બંધાવી ગધેડા ઉપર બેસારી એ દુરાચારિણીને માર મારતાં સમસ્ત નગરજનોને દેખાડવા નગરમાં ફેરવી. તે પછી તેને ઉદમ્બર કોઢ નીકળ્યો ને સાતમે દિવસે મરીને છઠ્ઠી નરકે બાવીસ સાગરના આયુષ્યની સ્થિતિએ ગઈ અને તે પછી ક્રમથી સિંહ આદિ થઈને સાતે નરકમાં પરિભ્રમણ કર્યું. ત્યાંથી નીકળી તિર્યંચગતિમાં બે વખત કૂતરી થઈ, સૂકરી થઈ, શિયાળણી થઈ, ઊંદરડી થઈ, હાથણી થઈ, ગધેડી થઈ અને તે પછી વૈશ્યા થઈને તે પછી દુઃખોથી ભરેલી દુર્ગંધ શરીરવાળી અને કુટુંબીજનોથી નિંદનીય તું પૂતિગંધા થઈ.

મુનિરાજ દ્વારા પૂર્વભવની કથા સાંભળી પૂતિગંધાનું મન સંસારથી અત્યંત વિરક્ત થઈ ગયું અને મુનિરાજને પૂછ્યું કે ભગવાન! આપ કૃપા કરીને બતાવો કે હું ક્યા પુણ્યકાર્યથી પૂર્વે કરેલાં પાપથી છૂટું!

પૂતિગંધાની વિનંતી સાંભળી મુનિરાજે કહ્યું કે બેટા! તું ખરેખર સંસારના દુઃખોથી છૂટવા ઈચ્છતી હો અને સાચા દેવ–ગુરુ–ધર્મમાં પ્રીતિ કરવા ઈચ્છતી હો તો રોહીણી નક્ષત્રમાં ઉપવાસ કર! એનાથી ફરીને તું કદી દુઃખ પામીશ નહિ.

મુનિરાજે રોહીણીવ્રતના ઉપવાસની વિધિ બતાવી તે અનુસાર સ્વીકાર કરતાં ભક્તિરસથી પ્રસન્ન થતાં પૂતિગંધાને આંસુ આવી ગયા.

તે પછી પૂતિગંધા પૂછે છે કે ભગવાન! મારી જેમ રોહીણીવ્રતનું અનુષ્ઠાન અન્ય કોઈએ કર્યું હોય તે કૃપા કરીને કહો. ઉત્તરમાં મુનિરાજે કહ્યું કે હે પુત્રી! સમસ્ત દુઃખોને દૂર કરનાર આ વ્રતનું વિધાન પૂતિગંધકુમારે બહુ જ ઉત્સાહથી પાલન કર્યું છે તેની કથા આ પ્રકારે છે. *[ક્રમશઃ]*

*

## જાહેર સૂચના

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢની અનેક વાર મનાઈરૂપ વિનંતી છતાં અમુક વ્યક્તિઓ તથા સાહિત્યપ્રકાશક સંસ્થાઓ પોતાનાં પુસ્તક-પ્રકાશનોના 'પ્રાપ્તિસ્થાન' તરીકે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢનું નામ છાપે છે, જે યોગ્ય નથી. આ હેતુથી આ 'જાહેર સૂચના' દ્વારા જણાવીએ છીએ કે હવેથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢની લેખિત પરવાનગી સિવાય કોઈએ 'પ્રાપ્તિસ્થાન' તરીકે ઉક્ત ટ્રસ્ટનું નામ ન છાપવા વિનંતી છે.**

**–શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ**
**પ્રમુખ : હસમુખલાલ પોપટલાલ વોરા**

*

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી [ ૨૧-૯-૯૪ ]

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુર્ણપુરીનું ધાર્મિક વાતારણ, અનંત–ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ
પ્રાતઃ જિનેન્દ્ર–દર્શન-પૂજા
સવારે ૮-૧૫ થી ૯-૧૫ : શ્રી સમયસાર પર (૧૬મી વખતનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ–પ્રવચન
સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ
બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર–વાંચન
બપોરે ૪-૦૦ થી ૪-૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર આધ્યાત્મિક ટેપ–પ્રવચન

**દશલક્ષણ પર્યુષણપર્વ :** ભાદરવા સુદ ૪, શુક્રવાર, તા. ૯-૯-૯૪ થી ભાદરવા સુદ ૧૪, રવિવાર, તા. ૧૮-૯-૯૪ દસ દિવસ સુધી 'શ્રી દશલક્ષણ પર્યુષણપર્વ' દશલક્ષણમંડલવિધાનપૂજા તથા મુનિધર્મ–મહિમાયુક્ત અધ્યાત્મજ્ઞાન, વૈરાગ્ય તેમ જ ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. બહારગામથી ઘણા મહેમાનો આવ્યા હતા. ભાદરવા સુદ ૧૩ થી ૧૫ શ્રી રત્નત્રયધર્મ પણ ઉજવવામાં આવ્યો હતો.

**દશલક્ષણવિધાન પ્રસંગે કાયમી મંડલવિધાનપૂજા—**

(૧) સ્વ. દેવજીભાઈ રાયશીભાઈના સ્મરણાર્થે હસ્તે, દેવકુંવરબેન દેવશીભાઈ તથા પરિવાર, લંડન
(૨) શ્રી અનોપચંદભાઈ મૂળજીભાઈ ખારા પરિવાર, રાંચિ
(૩) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર, મુંબઈ
(૪) શ્રી કળાબેન હસમુખભાઈ પોપટલાલ વોરા, મુંબઈ
(૫) શ્રી નવલચંદભાઈ જગજીવનભાઈ શાહ હ. મુક્તાબેન, સોનગઢ

**પ્રાસંગિક મંડલવિધાનપૂજા—**

(૧) અજય મનોજકુમાર મગનલાલ પારેખ, કેનેડા
(૨) લલીતાબેન જયંતીલાલ મહેતા, મુંબઈ
(૩) સ્વ. કિરણભાઈ અભેચંદભાઈ ભોડીયા હ. બાબુભાઈ શાહ, ખારાવાળા
(૪) શ્રી વીમળાબેન સારાભાઈ શાહ, મુંબઈ.

—તરફથી રાખવામાં આવી હતી.

**ઉત્તમ ક્ષમાવણીપર્વ :** ભાદરવા વદ ૧, મંગળવાર, તા. ૨૦-૯-૯૪ના રોજ પૂજાભક્તિ અને સમૂહ—ક્ષમાવણી પૂર્વક ક્ષમાવણીપર્વ ઉજવવામાં આવ્યો હતો. બહારગામથી ઘણા મહેમાનો ક્ષમાપનાર્થે આવેલાં. આ પ્રસંગે શ્રી ભગવાનજી કચરાભાઈ શાહ, લંડન તરફથી (કાયમી) સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું.

**મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ :**

પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીર-નિર્વાણકલ્યાણક' દીપાવલીનો મંગળ અવસર આસો વદ ૧૦, રવિવાર, તા. ૩૦-૧૦-૯૪થી આસો વદ અમાસ, ગુરુવાર, તા. ૩-૧૧-૯૪ —પાંચ દિવસ સુધી શ્રી મહાવીર-કુન્દકુન્દ દિ૦ જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણમંડલ વિધાનપૂજા', મહાવીરજિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાનોપાસના વગેરે વિવિધ કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

**સુપ્રભાતદિન :** નૂતનવર્ષનો મંગલ સુપ્રભાતદિન કારતક સુદ—૧, શુક્રવાર, તા. ૪-૧૧-૯૪ પૂજાભક્તિ તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના સુપ્રભાત—પ્રવચન આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

**વૈરાગ્ય સમાચાર :—**

* રાજકોટનિવાસી બ્ર. શ્રી ચંદુલાલ લક્ષ્મીચંદ મહેતા તા. ૨૭-૮-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો જ લાભ લીધો હતો.

* મંદસૌરનિવાસી મુમુક્ષુમંડળના અધ્યક્ષ શ્રી સુરજમલજી ગોધા ( વર્ષ-૭૨ ) તા. ૩૦-૮-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતારગ દેવ—ગુરુ—ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણામાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

* જેવી રીતે પક્ષીઓ રાત્રે કોઈ એક વૃક્ષ ઉપર નિવાસ કરે છે અને પછી સવાર થતાં તેઓ સહસા સર્વ દિશાઓમાં ચાલ્યા જાય છે, ખેદ છે કે તેવી જ રીતે મનુષ્ય પણ કોઈ એક કુળમાં સ્થિત રહીને પછી મૃત્યું પામીને અન્ય કુળનો આશ્રય કરે છે. તેથી વિદ્વાન મનુષ્ય તેને માટે કાંઈ શોક કરતા નથી.

*(શ્રી પંદ્મનંદિ પંચવિંશતિ)*

ઉમરાળાનગરીમાં કહાનગુરુજન્મધામ પરિસરસ્થિત
ઉજમબા-સ્વાધ્યાયગૃહમાં

## પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની

# ભવ્ય પ્રતિકૃતિ(સ્ટેચ્યુ)નો મંગલ સંસ્થાપન-મહોત્સવ

આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે અધ્યાત્મયુગપ્રવર્તક, સ્વાનુભવી, પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આપણા સૌ ઉપર ભવોદધિતારણહારરૂપે મહાન-મહાન ઉપકાર છે. તેઓશ્રીના અસીમ ઉપકારોનું વર્ણન વચનાતીત છે. એવા સ્વાનુભવતીર્થોદ્યોતક પરમ તારણહાર પૂજ્ય કહાનગુરુદેવ તો આપણા સૌ માટે ઉત્તમ તીર્થ છે, જ પરન્તુ તેમના જન્મથી પાવન થયેલી ઉમરાળાનગરી તેમ જ તે પવિત્ર જન્મધામ પણ આપણા સૌનું એક વિશિષ્ટ તીર્થ છે. ગુરુભક્તિભીના અત્યંત આનંદોલ્લાસ સહ જણાવવામાં આવે છે કે ગુરુજન્મભૂમિરૂપ આ પાવન તીર્થમાં, શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા, ઉજમબા-સ્વાધ્યાયગૃહમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ધવલ-સંગેમર્મર-નિર્મિત પ્રવચનમુદ્રાયુક્ત એક ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) બિરાજમાન કરવાનું આયોજન નિશ્ચિત કરવામાં આવ્યું છે.

આ કહાન-ગુરુ-પ્રતિકૃતિ (સ્ટેચ્યુ)ના શુભ સંસ્થાપનની મંગળવિધિ વિ.સં. ૨૦૫૦, કાર્તિક વદ ૧૩ (ધનતેરશ), તા. ૧-૧૧-૯૪, મંગળવારના શુભ દિને સવારે ૧૧-૦૦ વાગે, મુબંઈનિવાસી સ્વ. આત્માર્થી શ્રી શાંતિલાલ રતિલાલ શાહની ભાવનાનુસાર શ્રી શારદાબેન શાંતિલાલ શાહ-પરિવાર (હસ્તે શ્રીયુત નેમીષભાઈ તેમજ શ્રીયુત કેતનભાઈ શાહ)ના શુભ હસ્તે સંપાદન કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે. અત્રે આ શુભ-અવસરે ગુરુભક્ત મુમુક્ષુ સમાજને ઉમરાળા પધારવાનું ભાવભીનું આમંત્રણ છે.

નિમંત્રક—
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
—પ્રમુખ, હસમુખલાલ પોપટલાલ વોરા.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન પ્રસંગે
સોનગઢમાં પાંચ દિવસનો

## 卐 ધાર્મિક કાર્યક્રમ 卐

[ તા. ૨૧-૧૧-૯૪ થી તા. ૨૫-૧૧-૯૪ ]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણ પરમોપકારી વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્યસમાધિનો ચૌદમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૪૭, કારતક વદ ૭, શુક્રવાર, તા. ૨૫-૧૧-૯૪ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૨૧-૧૧-૯૪, સોમવારથી તા. ૨૫-૧૧-૯૪, શુક્રવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતાં ટેપ તથા વિડિયો પ્રવચન પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા અને સમાગત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વેને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિ વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે.

---

* નંદીશ્વર-અષ્ટાહ્નિકાપર્વ કારતક સુદ-૮, ગુરુવાર, તા. ૧૦-૧૧-૯૪ થી કાતરક સુદ-૧૫, શુક્રવાર, તા. ૧૮-૧૧-૯૪ સુધી 'શ્રી પંચમેરુ-નંદીશ્વર-મંડલવિધાન' પૂજા, અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસના, જિનેન્દ્રભક્તિ આદિ અનેક કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

✽ અરે! બહારના સંગમાં કોની સાથે સંબંધ અને કોના ખોટા લગાડવા! અને કેટલું રહેવું! અરે! વિકારનો સંગ પણ ક્યાં વસ્તુને છે! અસંગ ચૈતન્યને પરનો સંગ નથી અને વિકલ્પનોય સંગ નથી.

—અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂ. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂ. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]

A ૧૪૨૬ શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી ... પી. ઓ. ...
વા ...૩૬૪૨૩૦ (સૌ.)